સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 19

[MAY - 2020]
[03/05/20 to 09/05/20]


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)


## MIRACLES

EXCLUSIVE CLASS 1/2

VOLUME 1

15 to 30 APR 2020

ICE®

Click Here To DOWNLOAD

## CURRENT TOPICS

- રાજ્યના તમામ નાગરિકોને મફત અને કેશલેસ વીમા કવચ આપનાર મહારાષ્ટ્ર ભારતનું પ્રથમ રાજ્ય બનશે
- કાશ્મીરી કેસર, મણિપુરના કાળા ચોખા, ગોરખપુર ટેરાકોટા તથા કોવિલપટ્ટી કદલાઈ મિત્તઈને GI ટેગ આપવામાં આવ્યા
- ભારતમાં ગ્રામીણ સ્વ સહાય જૂથોની સહાયતા માટે GeM પોર્ટલ પર 'The Saras Collection' ડેશબોર્ડનો પ્રારંભ
- જમ્મુ કાશ્મીરના ત્રણ ફોટોગ્રાફરો સહિત ભારતના કુલ 5 વ્યક્તિઓને વર્ષ 2020નો પુલિત્ઝર પુરસ્કાર એનાયત
- વિદેશમાંથી ભારતીય નાગરિકોને ભારત પરત લાવવા માટે ભારતીય નૌસેના દ્વારા ઓપરેશન 'સમુદ્ર સેતુ' લૉન્ચ
- COVID-19ની વૈશ્વિક મહામારી અંગે ચર્ચા કરવા NAM Contact Group Summit યોજાઈ


www.ICEONLINE.IN
9375701110/9328001110

અમારી સાથે જોડાયેલા રહો :
Telegram : t.me/icerajkotofficial
Instagram : icerajkot

**3 MAY, 2020 SUNDAY**

## ➤ દિવસ મહિમા : 3 મે, વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ (World Press Freedom Day)




<u>યુનાઈટેડ નેશન્સ</u> અને <u>યુનેસ્કો</u> દ્વારા દર વર્ષે <u>3 મે</u>ના રોજ <u>‘વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ’</u> અથવા તો <u>‘પ્રેસ દિવસ’</u>ની ઉજવણી કરવામાં આવે છે.

- સમગ્ર વિશ્વમાં પ્રેસની સ્વતંત્રતા અંગે જાગૃતિ ફેલાવવા માટે તથા પ્રેસની સ્વતંત્રતાના ઉલ્લંઘનની ગંભીરતાને ઉજાગર કરવા માટે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- યુનેસ્કોની જનરલ કોન્ફરન્સની ભલામણ બાદ <u>ડિસેમ્બર 1993</u>માં <u>સંયુક્ત રાષ્ટ્ર</u>ની જનરલ એસેમ્બ્લી દ્વારા આ દિવસની ઉજવણીની જાહેરાત કરવામાં આવી હતી.
- આ અંતર્ગત **<u>1994</u>**થી દર વર્ષે <u>3 મે</u>ના રોજ આ દિવસની ઉજવણીનો પ્રારંભ થયો છે.
- વર્ષ **<u>2020</u>**ની ‘વર્લ્ડ પ્રેસ ફ્રીડમ ડે’ની થીમ **<u>'Journalism Without Fear or Favour'</u>** <u>(ભય કે તરફેણ વગરનું પત્રકારત્વ)</u> છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### વિશ્વ પ્રેસ સ્વતંત્રતા સંમેલન-2020

વર્ષ **<u>2020</u>**ના ‘વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ’ના <u>યજમાન દેશ</u> તરીકે નેધરલેન્ડની પસંદગી કરવામાં આવી છે.

- આ અંતર્ગત 22થી 24 એપ્રિલ 2020 દરમિયાન <u>નેધરલેન્ડ</u>ના <u>હેગ</u> ખાતે <u>‘વિશ્વ પ્રેસ સ્વતંત્રતા સંમેલન-2020’</u>નું આયોજન કરવામાં આવ્યું હતું.
- જોકે, COVID-19ને કારણે આ સંમેલન રદ કરીને હવે 18થી 20 ઓક્ટોબર 2020 દરમિયાન યોજવાનું આયોજન કરવામાં આવ્યું છે.

**નોંધ :** (1) <u>‘રિપોર્ટર્સ વિધાઉટ બોર્ડર્સ’</u> દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા <u>'World Press Freedom Index-2020'</u>માં વિશ્વના <u>180 દેશો</u>માં <u>ભારત</u> <u>142મા</u> ક્રમે છે.

(2) આ અગાઉ વર્ષ <u>2019</u>ના આ ઈન્ડેક્સમાં ભારત <u>140મા</u> ક્રમે હતું.

## ➤ રાજ્યના તમામ નાગરિકોને મફત અને કેશલેસ વીમા કવચ આપનાર મહારાષ્ટ્ર ભારતનું પ્રથમ રાજ્ય બનશે

મહારાષ્ટ્રના તમામ નાગરિકોને **મફત અને કેશલેસ વીમા કવચ** ઉપલબ્ધ કરાવવાનો મહારાષ્ટ્ર સરકારે નિર્ણય કર્યો છે.

- **1 મે 2020**ને મહારાષ્ટ્રના **60**મા સ્થાપના દિવસ નિમિત્તે મહારાષ્ટ્રના આરોગ્ય મંત્રી **શ્રી રાજેશ ટોપેએ** આ જાહેરાત કરી હતી.
- આ સાથે જ **મહારાષ્ટ્ર** રાજ્યના તમામ નાગરિકોને મફત અને કેશલેસ વીમા કવચ આપનાર **ભારતનું પ્રથમ રાજ્ય** બનશે.
- આ માટે મહારાષ્ટ્રના **85 ટકા** લોકોને **'મહાત્મા જ્યોતિબા ફૂલે જન આરોગ્ય યોજના' (MJPJAY)** અંતર્ગત અત્યાર સુધી આવરી લેવામાં આવ્યા છે.
- હવે બાકીના **15 ટકા** લોકોને પણ તેનો લાભ આપવામાં આવશે.

**નોંધ :** મહારાષ્ટ્રમાં સારવાર માટે દર્દીઓ પાસેથી જંગી રકમ પડાવતી ખાનગી હોસ્પિટલોને રોકવા માટે આ પગલું લેવામાં આવ્યું છે.

## ➤ કૃષિ નીપજના વેચાણમાં ખેડૂતોને સહાયતા થાય તે માટે CSIR-CRRI દ્વારા KISHAN SABHA મોબાઈલ એપ લોન્ચ




ભારતમાં નવી દિલ્હી ખાતે આવેલી સંસ્થા **CSIR-CRRI** દ્વારા **'કિસાન સભા'** નામની એક **મોબાઈલ એપ** લોન્ચ કરવામાં આવી છે.

### આ એપનો ઉદ્દેશ

આ એપનો મુખ્ય ઉદ્દેશ ભારતના અંતરિયાળ વિસ્તારોમાં ખેડૂતોને કૃષિ નીપજના વેચાણમાં સહાયતા કરવાનો છે.

### આ એપની વિશેષતા

આ એપ ખેડૂતો ઉપરાંત ટ્રાન્સપોર્ટરો અને વેપારીઓ માટે પણ ઉપયોગી છે.

- પોતાની કૃષિ નીપજના પરિવહન માટે આ એપની મદદથી ખેડૂતોને સસ્તા માલવાહક વાહનો ઉપલબ્ધ થશે.
- આ ઉપરાંત આ એપની મદદથી ખેડૂતોને પોતાની નજીકની બજારોમાંથી કૃષિ નીપજના સૌથી વધુ ભાવ કયાં મળશે તેની પણ માહિતી મળી શકશે.
- આ એપની મદદથી ખેડૂતો સીધા જ વેપારીઓને માલ વેચી શકશે. જેથી વચેટિયાઓથી મુક્તિ મળશે. અને ખેડૂતોને ખેત નીપજના વધારે ભાવ મળી શકશે.

## CSIR-CRRI

CRRIનું પૂરું નામ Central Road Research Institute છે.

- CRRIએ ભારતમાં નવી દિલ્હી ખાતે આવેલી એક અગત્યની રાષ્ટ્રીય પ્રયોગશાળા (Laboratory) છે.
- ભારત સરકારના CSIR અંતર્ગત 1952માં આ પ્રયોગશાળાની સ્થાપના કરવામાં આવી હતી.

## CSIR

CSIRનું પૂરું નામ Council of Scientific and Industrial Research છે.

- CSIRએ ભારતમાં સંશોધન અને વિકાસ માટેની ભારતની સૌથી મોટી સંસ્થા છે.
- CSIRને નાણાકીય સહાય ભારત સરકારના વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રાલય દ્વારા આપવામાં આવે છે.
- આમ છતાં તે એક સ્વાયત્ત સંસ્થા છે.
- દિલ્હીમાં આવેલી આ સંસ્થાની સ્થાપના 26 સપ્ટેમ્બર 1942ના રોજ થઈ હતી.
- આ સંસ્થાના દિલ્હી બહાર 39 સેન્ટરો આવેલા છે.
- અને આ સંસ્થા અંતર્ગત 38 લેબોરેટરી કાર્યરત છે.
- આ ઉપરાંત તે 3 Innovation Centers પણ ધરાવે છે.

**નોંધ :** CSIRને Societies Registration Act, 1860 અંતર્ગત સ્વાયત્ત સંસ્થાનો દરજ્જો આપવામાં આવ્યો છે.

ICE COMPETITIVE EXAMS

## ICE Questions

1. ‘પ્રેસ દિવસ’ અથવા તો ‘વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 2 મે (B) 3 મે (C) 4 મે (D) 5 મે **(B)**
2. વર્ષ 2020ની ‘વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ’ની થીમ શું છે ?
   (A) Journalism Without Fear or Interfere
   (B) Freedom of Information : the right know
   (C) The Media as drivers of change
   (D) Journalism Without Fear or Favour **(D)**
3. વર્ષ 2020ના ‘પ્રેસ સ્વતંત્રતા દિવસ’નો યજમાન દેશ કયો છે ?
   (A) સ્વીડન (B) ફિનલેન્ડ (C) નેધરલેન્ડ (D) નોર્વે **(C)**
4. 18થી 20 ઓક્ટોબર 2020 દરમિયાન ‘વિશ્વ પ્રેસ સ્વતંત્રતા સંમેલન’ કયાં યોજાશે ?
   (A) પેરિસ (B) રિગા (C) સાન જોસે (D) હેગ **(D)**
5. ‘રિપોર્ટર્સ વિધાઉટ બોર્ડર્સ’ દ્વારા પ્રસિદ્ધ થયેલા ‘વિશ્વ પ્રેસ સ્વતંત્રતા ઈન્ડેકસ 2020’માં 180 દેશોમાં ભારત કયા ક્રમે છે ?
   (A) 140 (B) 141 (C) 142 (D) 144 **(C)**

**6.** રાજ્યના તમામ નાગરિકોને મફત અને કેશલેસ વીમા કવચ આપવાનો નિર્ણય કરનાર ભારતનું પ્રથમ રાજ્ય કયું છે ?

(A) મહારાષ્ટ્ર (B) મધ્યપ્રદેશ (C) ઓડિશા (D) ગોવા **(A)**

**7.** 'મહાત્મા જ્યોતિબા ફૂલે જન આરોગ્ય યોજના' (MJPJAY) અંતર્ગત ભારતના કયા રાજ્યના 85 ટકા નાગરિકોને મફત અને કેશલેસ વીમા કવચ ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે ?

(A) મહારાષ્ટ્ર (B) મધ્યપ્રદેશ (C) ઓડિશા (D) ગોવા **(A)**

**8.** કૃષિ નીપજના વેચાણમાં ખેડૂતોને સહાયતા થાય તે માટે CSIR-CRRI દ્વારા કઈ મોબાઈલ એપ લોન્ચ કરવામાં આવી છે ?


(A) કિસાન રથ (B) કિસાન સારથી (C) કિસાન સભા (D) કિસાન મિત્ર **(C)**

**9.** કૃષિ નીપજના વેચાણમાં ખેડૂતોને સહાયતા થાય તે માટે કઈ સંસ્થા દ્વારા 'કિસાન સભા' મોબાઈલ એપ લોન્ચ કરવામાં આવી છે ?

(A) CSIR-CRRI (B) CSIR-CRRE

(C) CSIR-CRRA (D) CSIR-CRRS **(A)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS




SPECIAL ISSUE
360⁰ વિશ્લેષણ

ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS

CORONA VIRUS
SP. ISSUE
ડાઉનલોડ કરવા
અહીં ક્લિક કરો

**4 MAY, 2020 MONDAY**

## ➤ દિવસ મહિમા : 4 મે, આંતરરાષ્ટ્રીય અગ્નિશામક દિવસ (International Firefighter's Day)

## ➤ ભારતના આસામમાં 'આફ્રિકન સ્વાઈન ફિવર'થી 2500 ભૂંડના મોત, ભારતમાં પ્રથમ વખત આ બિમારી જોવા મળી




તાજેતરમાં ભારતમાં સૌપ્રથમ વખત આસામમાં 'આફ્રિકન સ્વાઈન ફિવર'ની બિમારી જોવા મળી છે.

- આસામ સરકારના જણાવ્યા અનુસાર અત્યાર સુધીમાં આસામના 7 જિલ્લાના 306 ગામોમાં આ બિમારીથી 2500થી વધુ ભૂંડના મોત થયા છે.
- આથી, કેન્દ્ર સરકારે આસામ સરકારને 'આફ્રિકન સ્વાઈન ફિવર'થી સંક્રમિત ભૂંડની સારવાર કરવાની સલાહ આપી છે.

### આફ્રિકન સ્વાઈન ફિવર (ASF)

આફ્રિકન સ્વાઈન ફિવર (ASF) એ જંગલી તથા ઘરેલુ ભૂંડોમાં થતો એક સંક્રામક રોગ છે.

- આ રોગ Asfarviridae (એસ્ફેરવિરિડે) પરિવારના DNA વાયરસથી થાય છે.
- આ રોગથી સંક્રમિત ભૂંડનું મૃત્યુ લગભગ નિશ્ચિત માનવામાં આવે છે.
- જોકે, આ રોગની અસર માનવ પર થતી નથી.
- એશિયા, આફ્રિકા અને યુરોપના ભૂંડોમાં જોવા મળતા આ રોગની રસી હજી સુધી શોધાઈ નથી.

**નોંધ :** DNAનું પૂરું નામ Deoxyribonucleic Acid છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ જમ્મુ કાશ્મીરના હંદવાડામાં થયેલા એન્કાઉન્ટરમાં કર્નલ આશુતોષ શર્મા સહિત પાંચ જવાન શહીદ



3 મે 2020ના રોજ જમ્મુ કાશ્મીરના હંદવાડા વિસ્તારમાં છૂપાયેલા આતંકવાદીઓએ કેટલાક નાગરિકોને બંધક બનાવી લીધા હતા.

- આથી, આ બંધક નાગરિકોને બચાવવા માટે થયેલા ભીષણ એન્કાઉન્ટરમાં સેનાના કર્નલ આશુતોષ શર્મા સહિત પાંચ જવાનો શહીદ થયા છે.

- જ્યારે આ એન્કાઉન્ટરમાં લશ્કર એ તોયબાના ટોચના કમાન્ડર હૈદર સહિત બે આતંકીને મોતને ઘાટ ઉતારવામાં આવ્યા છે.

## કર્નલ આશુતોષ શર્મા

કર્નલ આશુતોષ શર્મા 21મી રાષ્ટ્રીય રાઈફલ્સની ગાર્ડ્સ રેજિમેન્ટના કમાન્ડિંગ ઓફિસર હતા.

- એન્ટિટેરરિસ્ટ ઓપરેશનોમાં નિષ્ણાત એવા શ્રી આશુતોષ શર્મા ઘણા લાંબા સમયથી કાશ્મીર ખીણમાં તહેનાત હતા.
- તેમને બે વખત ગેલેન્ટ્રી એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.
- ઉત્તરપ્રદેશની શ્રી યોગી આદિત્યનાથ સરકારે શ્રી આશુતોષ શર્માના પરિવારને રૂ. 50 લાખની સહાય આપવાની જાહેરાત કરી છે.

**નોંધ :** શ્રી આશુતોષ શર્મા જમ્મુ કાશ્મીરમાં છેલ્લા પાંચ વર્ષમાં આતંકીઓ સામેની અથડામણમાં શહીદ થનારા કર્નલ રેન્કના પ્રથમ કમાન્ડિંગ ઓફિસર છે.

## ➢ અખિલ ભારતીય વેપારી સંઘ સમગ્ર દેશમાં ‘ભારતમાર્કેટ’ લોન્ચ કરશે

અખિલ ભારતીય વેપારી સંઘ દ્વારા સમગ્ર દેશમાં ‘ભારતમાર્કેટ’ લોન્ચ કરવામાં આવશે.

- ‘ભારતમાર્કેટ’ એ એક ‘નેશનલ ઈ-કોમર્સ પ્લેટફોર્મ’ છે.
- ભારતના રિટેઈલ વેપારીઓ માટે આ ડિજિટલ પ્લેટફોર્મ વિકસાવવામાં આવ્યું છે.
- આ પ્લેટફોર્મની મદદથી ઉત્પાદકોને સીધા ગ્રાહકો સુધી પ્રોડક્ટ્સની હોમ ડિલિવરી કરવાની સુવિધા મળશે.
- ભારતમાં આ અગાઉ વારાણસી, બેંગાલુરુ, લખનૌ સહિત 90 શહેરોમાં તેનો પ્રયોગ સફળ રહ્યો હતો.
- આથી, હવે સમગ્ર ભારતમાં આ પ્લેટફોર્મ લોન્ચ કરવામાં આવશે.

## ➢ ભારત સરકારના આયુષ તથા MSME મંત્રાલય દ્વારા ‘Ayush Entrepreneurship Development Programme’ લોન્ચ



ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં 'Ayush Entrepreneurship Development Programme' (આયુષ ઉદ્યોગ અથવા તો ઉદ્યોગસાહસિક વિકાસ કાર્યક્રમ) લોન્ચ કરવામાં આવ્યો છે.

- ભારતમાં કેન્દ્ર સરકારના આયુષ મંત્રાલય તથા MSME મંત્રાલય દ્વારા આ કાર્યક્રમ લોન્ચ કરવામાં આવ્યો છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## આ કાર્યક્રમનો ઉદ્દેશ

ભારતમાં આયુષ ક્ષેત્રના વિકાસ તથા તેની નિકાસને પ્રોત્સાહન આપવા માટે આ કાર્યક્રમ લોન્ચ કરવામાં આવ્યો છે.

## આ કાર્યક્રમની વિશેષતા

આ કાર્યક્રમથી ભારતમાં આયુષ ક્ષેત્રમાં રિસર્ચ અને ઈનોવેશનને પ્રોત્સાહન મળશે.

- ભારતની આયુષ પદ્ધતિ ભારતને આર્થિક મહાસત્તા બનાવવામાં મદદરૂપ થઈ શકે તેમ છે. તેથી આ કાર્યક્રમ અંતર્ગત ભારતની આયુર્વેદ, હોમિયોપેથી, યોગ અને અન્ય સિદ્ધ પદ્ધતિઓને પ્રોત્સાહન આપવામાં આવશે.
- આ ઉપરાંત આ ક્ષેત્રની નિકાસ વધારવા માટે ઉદ્યોગ સાહસિકોને વિદેશમાં દવાખાના તથા સ્ટોર ખોલવા માટે પણ પ્રોત્સાહન આપવામાં આવશે.

**નોંધ :** (1) ભારતમાં આયુષ ક્ષેત્રના વિકાસ માટે કેન્દ્ર સરકારના આયુષ મંત્રાલય તથા MSME મંત્રાલય વચ્ચે MoU કરવામાં આવ્યા છે.

(2) MSMEનું પૂરું નામ Micro, Small and Medium Enterprises છે.

(3) MoUનું પૂરું નામ Memorandum of Understanding છે.

## ➤ કાશ્મીરી કેસર, મણિપુરના કાળા ચોખા, ગોરખપુર ટેરાકોટા તથા કોવિલપટ્ટી કદલાઈ મિત્તઈને GI ટેગ આપવામાં આવ્યા

તાજેતરમાં ભારતમાં કાશ્મીરી કેસર, મણિપુરના કાળા ચોખા, ગોરખપુર ટેરાકોટા અને કોવિલપટ્ટી કદલાઈ મિત્તઈને Geographical Indications Registry (GIR) દ્વારા GI ટેગ આપવામાં આવ્યા છે.

- આથી, આ પ્રોડકટના વેચાણ તથા નિકાસમાં વૃદ્ધિ થશે. તેથી તેના ઉત્પાદકોને લાભ થશે.

## કાશ્મીરી કેસર

ભારતના જમ્મુ કાશ્મીરના કેટલાક વિસ્તારોમાં આ કેસરની ખેતી કરવામાં આવે છે.

- સમગ્ર વિશ્વમાં સૌથી વધુ ઊંચાઈ પર કેસરની ખેતી કાશ્મીરમાં જ થાય છે.
- જમ્મુ કાશ્મીરમાં સમુદ્ર સપાટીથી 1600થી 1800 મીટરની ઊંચાઈ પર આ કેસરની ખેતી થાય છે.
- જમ્મુ કાશ્મીરમાં કેસરની ખેતી વિશેષ પ્રકારની 'કરેવા' નામની માટીમાં થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- કાશ્મીરી કેસરના ત્રણ પ્રકાર છે :
  (1) લચ્છા કેસર
  (2) મોંગરા કેસર અને
  (3) ગુચ્છી કેસર

**નોંધ :** સમગ્ર વિશ્વમાં કેસરનું સૌથી વધુ ઉત્પાદન ઈરાનમાં થાય છે.

## મણિપુરના કાળા ચોખા

મણિપુરના કાળા ચોખા સુગંધિત ચોખા છે. મણિપુરમાં સદીઓથી આ ચોખાની ખેતી થાય છે.

- આ ચોખાને 'ચાક-હાઓ' (Chak-Hao) તરીકે ઓળખવામાં આવે છે.
- અન્ય ચોખાની તુલનાએ આ ચોખા વજનમાં ભારે હોય છે અને તેને રાંધવામાં વધારે સમય લાગે છે.
- આ ચોખાનો ઉપયોગ ખીર ઉપરાંત ચીનની પરંપરાગત રોટી, નુડલ્સ અને રાઈસ કેક બનાવવા માટે થાય છે.

**નોંધ :** મણિપુરના કાળા ચોખાને GI ટેગ આપવા માટે 'ચાક-હાઓ ઉત્પાદક સંઘે' અરજી કરી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ગોરખપુર ટેરાકોટા

ભારતમાં ઉત્તરપ્રદેશના ગોરખપુરમાં માટીમાંથી ઘોડા, હાથી, ઊંટ, બકરી, બળદ વગેરે પ્રાણીઓની મૂર્તિઓ બનાવવામાં આવે છે.

- હાથથી બનતી આ મૂર્તિને કુદરતી રંગોથી રંગવામાં આવે છે. જેની ચમક લાંબા સમય સુધી રહે છે.
- આ કળાને ગોરખપુર ટેરાકોટા તરીકે ઓળખવામાં આવે છે.

**નોંધ :** (1) ટેરા કોટા (Terracotta)નો અર્થ 'પકવેલી માટી' અથવા તો 'પકવેલી માટીની મૂર્તિ' એવો થાય છે.
(2) ગોરખપુર ટેરાકોટાને GI ટેગ અપાવવા માટે ઉત્તરપ્રદેશના 'લક્ષ્મી ટેરાકોટા મૂર્તિકળા કેન્દ્ર' દ્વારા અરજી કરવામાં આવી હતી.

## કોવિલપટ્ટી કદલાઈ મિત્તઈ

'કદલાઈ મિત્તઈ'એ ભારતમાં તમિલનાડુના કોવિલપટ્ટી નામના શહેરમાં બનાવવામાં આવતી એક ખાસ પ્રકારની ચીક્કી છે.

- આ ચીક્કી (Pea Nut Candy) મગફળી અને ગોળમાંથી બનાવવામાં આવે છે.
- આ ચીક્કીને સ્વાદિષ્ટ બનાવવા માટે તેમાં સ્થાનિક નદીના પાણીનો ઉપયોગ કરવામાં આવે છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## GI Tag

**GI Tagનું પૂરું નામ Geographical Indication (ભૌગોલિક સંકેત) Tag છે.**

- GI Tag એ કોઈ વિશિષ્ટ ઓળખ ધરાવતી પ્રોડક્ટને આપવામાં આવતું એક ચિહ્ન છે.
- કોઈ **ચોક્કસ વિસ્તાર**માં (ગામ, શહેર, ક્ષેત્ર, પ્રદેશમાં) ઉત્પન્ન થતી અથવા તો બનાવવામાં આવતી **પરંપરાગત, ઉચ્ચ ગુણવત્તા ધરાવતી અને પ્રતિષ્ઠિત પ્રોડક્ટ**ને આ ચિહ્ન આપવામાં આવે છે.
- **ભારત**માં સૌપ્રથમ વખત **પશ્ચિમ બંગાળ**ની **દાર્જીલિંગ ચા**ને GI Tag આપવામાં આવ્યો છે.
- જ્યારે **ગુજરાત**માંથી સૌપ્રથમ વખત **સંખેડા ફર્નિચર**ને આ ટેગ આપવામાં આવ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS


ICE CURRENT AFFAIRS LOCKDOWN નથી

દરરોજ 5 મિનિટના 5 પ્રશ્નો સમજૂતી સાથે

“ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીની સફરમાં બહારે બધુ બંધ છે....
ચાલને ભીતરે જઈએ....
કોરોનાની મહામારીમાં રોડરસ્તા લોકડાઉન...
આપની તૈયારીનો ઉત્સાહ, ઉમંગ લોકડાઉન નથી...
લોકોની ભીડ, દુકાનો–ઓફિસો લોકડાઉન...
આપના સપનાઓ, આકાંક્ષાઓ લોકડાઉન નથી...
મંદીર, મસ્જીદ, ગુરુદ્વારા બધું જ લોકડાઉન...
પ્રભુને પ્રાર્થના, લોકસેવા, માનવતા લોકડાઉન નથી...
ઘરમાં છીએ કોરંટાઈન બહાર જાવું લોકડાઉન...
પરંતુ ICEનું કરન્ટ અફેર્સ લોકડાઉન નથી...
અમે તૈયાર છીએ આપની તૈયારીને સર્વશ્રેષ્ઠ બનાવવા માટે,
તો આપ પણ તૈયાર થઈ જાઓ કેમ કે અમે લાવી રહયા છીએ...
“ICE DAILY DOSE” ”




ICE DAILY doseના Questions ડાઉનલોડ કરવા
અહીં કલિક કરો

ICE ? Questions

1. 'ઈન્ટરનેશનલ ફાયરફાઈટર્સ ડે' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 2 મે (B) 3 મે (C) 4 મે (D) 5 મે (C)

2. ભારતના કયા રાજ્યમાં તાજેતરમાં 'આફ્રિકન સ્વાઈન ફિવર'થી 2500થી વધુ ભૂંડના મોત થયા હતા ?
(A) ઓડિશા (B) મણિપુર (C) તમિલનાડુ (D) આસામ (D)

3. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'આફ્રિકન સ્વાઈન ફિવર'ના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
1. તે જંગલી તથા ઘરેલુ ભૂંડોમાં થતો એક સંક્રામક રોગ છે.
2. આ રોગ તાજેતરમાં ભારતમાં સૌપ્રથમ વખત જોવા મળ્યો હતો.
3. આ રોગ એસ્ફેરવિરિડે પરિવારના DNA વાયરસથી થાય છે.
4. Reximvear નામની રસીથી તેને અટકાવી શકાય છે.
(A) 1, 2, 3, 4 (B) 1, 2, 3 (C) 1, 3, 4 (D) 1, 2 (B)

4. 3 મે 2020ના રોજ જમ્મુ કાશ્મીરના કયા વિસ્તારમાં થયેલા એન્કાઉન્ટરમાં કર્નલ આશુતોષ શર્મા સહિત પાંચ જવાનો શહીદ થયા હતા ?
(A) હંદવાડા, જિ. કુપવાડા (B) હંદવાડા, જિ. પુલવામા
(C) હંદવાડા, જિ. પૂંચ (D) હંદવાડા, જિ. બારામુલ્લા (A)

5. કર્નલ આશુતોષ શર્માના પરિવારને કયા રાજ્યની સરકારે રૂ. 50 લાખની સહાયની જાહેરાત કરી છે ?
(A) દિલ્હી (B) હરિયાણા (C) ઉત્તરપ્રદેશ (D) મહારાષ્ટ્ર (C)

6. અખિલ ભારતીય વેપારી સંઘ દ્વારા ભારતમાં કયું નેશનલ ઈ–માર્કેટ પ્લેટફોર્મ લોન્ચ કરવામાં આવશે ?
(A) ભારતમાલા (B) ભારતમાર્કેટ (C) ભારતમિત્ર (D) ભારતટ્રેડ (B)

7. ભારત સરકારના કયા મંત્રાલય દ્વારા 'આયુષ ઉદ્યોગ વિકાસ કાર્યક્રમ' અથવા તો 'આયુષ ઉદ્યોગસાહસિક વિકાસ કાર્યક્રમ' લોન્ચ કરવામાં આવ્યો છે ?
(A) આયુષ (B) વાણિજ્ય અને ઉદ્યોગ
(C) MSME (D) A અને C બન્ને (D)

8. તાજેતરમાં ભારતના કયા પ્રદેશમાં થતા કેસરને GI ટેગ આપવામાં આવ્યો છે ?
(A) કેરળ (B) કાશ્મીર (C) દાર્જીલિંગ (D) સિક્કિમ (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**9.** ભારતના કયા પ્રદેશના કાળા ચોખાને GI ટેગ આપવામાં આવ્યો છે ?
(A) મણિપુર (B) મેઘાલય (C) ત્રિપુરા (D) આસામ **(A)**

**10.** ભારતમાં મણિપુરના કાળા ચોખાને GI ટેગ આપવામાં આવ્યો છે...આ ચોખા કયા નામે ઓળખાય છે ?
(A) ચાકા–ચોઆ (B) ચાકા–હોયા (C) ચાક–હાઓ (D) ચાક–મોઆ **(C)**

**11.** તાજેતરમાં ભારતમાં ઉત્તરપ્રદેશની કઈ પ્રોડક્ટને GI ટેગ આપવામાં આવ્યો છે ?
(A) આગરા ટેરાકોટા (B) ચિત્રકૂટ ટેરાકોટા
(C) ગોરખપુર ટેરાકોટા (D) વારાણસી ટેરાકોટા **(C)**

**12.** ભારતના કયા રાજ્યની 'કદલાઈ મિત્તઈ'ને GI ટેગ આપવામાં આવ્યો છે ?
(A) તેલંગાણા (B) આંધ્રપ્રદેશ (C) તમિલનાડુ (D) કેરળ **(C)**

**13.** તમિલનાડુના કયા શહેરની 'કદલાઈ મિત્તઈ'ને GI ટેગ આપવામાં આવ્યો છે ?
(A) કોડાઈકનલ (B) કોવિલપટ્ટી (C) કુમ્બકોનમ (D) નામાક્કલમ **(B)**


**14.** ભારતમાંથી સૌપ્રથમ વખત કયા રાજ્યની દાર્જિલિંગ ચાને GI ટેગ આપવામાં આવ્યો હતો ?
(A) આસામ (B) અરૂણાચલ પ્રદેશ
(C) સિક્કિમ (D) પશ્ચિમ બંગાળ **(D)**

**15.** ગુજરાતમાંથી સૌપ્રથમ વખત કઈ પ્રોડક્ટને GI ટેગ આપવામાં આવ્યો હતો ?
(A) કચ્છી ભરત (B) પાટણના પટોળા
(C) જામનગરી બાંધણી (D) સંખેડા ફર્નિચર **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 5 MAY, 2020 TUESDAY

### ➤ દિવસ મહિમા : 5 મે, વિશ્વ અસ્થમા દિવસ (World Asthma Day)




સમગ્ર વિશ્વમાં દર વર્ષે **મે મહિનાના પ્રથમ મંગળવારે 'વિશ્વ અસ્થમા દિવસ'**ની ઉજવણી કરવામાં આવે છે.

- આ અંતર્ગત વર્ષ 2020માં 5 મેના રોજ 'વિશ્વ અસ્થમા દિવસ'ની ઉજવણી કરવામાં આવી છે.
- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ સમગ્ર વિશ્વમાં અસ્થમાની બિમારી વિશે જાગૃતિ લાવવાનો છે.
- સૌપ્રથમ 1998માં સ્પેન, બાર્સેલોના સહિત વિશ્વના આશરે 35 દેશોમાં આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

- 'ગ્લોબલ ઈનેશિયેટિવ ફોર અસ્થમા' દ્વારા આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- વર્ષ 2020ની 'વિશ્વ અસ્થમા દિવસ'ની થીમ 'Enough Asthma Deaths' છે.

**નોંધ :** અસ્થમાને ગુજરાતીમાં દમ, હાંફ કે શ્વાસના રોગ તરીકે પણ ઓળખવામાં આવે છે.

## ➤ ભારતમાં ગ્રામીણ સ્વ સહાય જૂથોની સહાયતા માટે GeM પોર્ટલ પર 'The Saras Collection' ડેશબોર્ડનો પ્રારંભ

ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા Government e Marketplace (GeM) પોર્ટલ પર The Saras Collection (ધ સરસ કલેશન) નામના એક ડેશબોર્ડનો શુભારંભ કરવામાં આવ્યો છે.

- ભારતમાં કેન્દ્ર સરકારના ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા આ ડેશબોર્ડ લોન્ચ કરવામાં આવ્યું છે.

### આ ડેશબોર્ડનો ઉદ્દેશ

ભારતમાં ગ્રામીણ સ્વ સહાય જૂથો માટે બજાર ઉપલબ્ધ કરાવવા આ ડેશબોર્ડ લોન્ચ કરવામાં આવ્યું છે.

### આ ડેશબોર્ડની વિશેષતા

આ ડેશબોર્ડ પર ગ્રામીણ સ્વ સહાય જૂથો દ્વારા નિર્મિત રોજીંદા ઉપયોગની વસ્તુઓ પ્રદર્શિત કરવામાં આવશે.

- જેનાથી ગ્રામીણ સ્વ સહાય જૂથોને પોતાની પ્રોડક્ટ વેચવા માટે વિશાળ બજાર મળશે.
- આ અંતર્ગત પ્રથમ ચરણમાં 11 રાજ્યોના 913 સ્વ સહાય જૂથોની નોંધણી કરીને તેમની 442 પ્રોડક્ટ પોર્ટલ પર અપલોડ કરવામાં આવી છે.
- આ ડેશબોર્ડનો સૌપ્રથમ બિહાર, છત્તીસગઢ, ઝારખંડ, કર્ણાટક, કેરળ, હિમાચલ પ્રદેશ, મહારાષ્ટ્ર, ઓડિશા, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ અને પશ્ચિમ બંગાળ એમ કુલ 11 રાજ્યોમાં પ્રારંભ કરવામાં આવ્યો છે.

**નોંધ :** GeM દ્વારા દીનદયાળ અંત્યોદય યોજના-રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન (DAY-NRLM) સાથે મળીને આ ડેશબોર્ડનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

### GeM

GeMનું પૂરું નામ Government e Marketplace છે.


- GeM એ એક ઓનલાઈન માર્કેટ પ્લેટફોર્મ છે.
- ભારતમાં સરકારના વિવિધ વિભાગો તથા સરકારી કંપનીઓ દ્વારા થતી ખરીદીમાં પારદર્શકતા લાવવા માટે 9 ઓગસ્ટ 2016ના રોજ ભારત સરકારના તત્કાલિન વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી દ્વારા આ પ્લેટફોર્મ લોન્ચ કરવામાં આવ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- ભારતમાં કેન્દ્ર સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા લોન્ચ કરવામાં આવેલા આ પ્લેટફોર્મની મદદથી વિવિધ સરકારી વિભાગો તથા સરકારી કંપનીઓ પોતાની જરૂરિયાત મુજબની આવશ્યક વસ્તુઓ તથા સેવાઓ ખરીદી શકે છે.
- આ સંપૂર્ણ પેપરલેસ અને કેશલેસ ઈ–માર્કેટ પ્લેસની મદદથી સરકારના સમય, શક્તિ અને નાણાંનો બચાવ થાય છે. તથા સરકારી ખરીદીમાં થતા ભ્રષ્ટાચારને રોકવામાં મદદ મળે છે.

## ➤ COVID-19નો સામનો કરવા માટે DRDO દ્વારા 'UV Blaster' નામનું ક્ષેત્ર સેનિટાઈઝર વિકસાવવામાં આવ્યું

ભારતમાં **DRDO** દ્વારા **'UV Blaster' (યૂવી બ્લાસ્ટર)** નામનું એક **ક્ષેત્ર સેનિટાઈઝર** વિકસાવવામાં આવ્યું છે.




- કોઈ ક્ષેત્રને કિટાણુમુક્ત બનાવવા માટે UV (અલ્ટ્રા વાયોલેટ) આધારિત આ ટાવર ઉપયોગી છે.
- આ ટાવરની મદદથી 12x12 ફૂટના રૂમને 10 મિનિટમાં અને 400 ચોરસ ફૂટના રૂમને 30 મિનિટમાં કિટાણુમુક્ત કરી શકાય છે.
- કોઈ ઓફિસ તથા પ્રયોગશાળામાં વપરાતા ઈલેક્ટ્રોનિક સાધનો, કોમ્પ્યુટર તથા અન્ય ચીજોની સપાટીને કિટાણુમુક્ત કરવા પણ આ ડિવાઈસ ઉપયોગી છે.
- COVID-19નો સામનો કરવા માટે ભારતમાં એરપોર્ટ, શોપિંગ મોલ, મેટ્રો, હોટલ, ઓફિસ, કારખાના વગેરેને સેનેટાઈઝ કરવા માટે આ ડિવાઈસ ઉપયોગી સાબિત થઈ શકે તેમ છે.

### UV Blasterનું નિર્માણ

ભારતમાં **DRDO**ની **નવી દિલ્હી** ખાતે આવેલી પ્રયોગશાળા **LASTEC** દ્વારા આ UV Blasterનું નિર્માણ કરવામાં આવ્યું છે.

- **LASTEC**નું પૂરું નામ **Laser Science & Technology Center** છે.

ICE INSTITUTE FOR COMPETITIVE E

## DRDO

**<u>DRDOનું</u> પૂરું નામ <u>Defence Research and Development Organization (સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન)</u> છે.**

- DRDO એ ભારતમાં <u>સંરક્ષણ</u> અથવા તો <u>સૈન્ય</u> સંબંધિત સંશોધન અને વિકાસ માટેની <u>ભારતની એક અગ્રણી સંસ્થા</u> છે.
- ભારતમાં કેન્દ્ર સરકારના <u>સંરક્ષણ મંત્રાલય</u> અંતર્ગત આ સંસ્થા કાર્ય કરે છે.
- ભારતમાં વિવિધ ગન, બોમ્બ, ટેન્ક, મિસાઈલ તથા યુદ્ધ વિમાનો અને યુદ્ધ જહાજો સહિતના સંરક્ષણ સાધનોનો વિકાસ આ સંસ્થા દ્વારા જ કરવામાં આવે છે.
- ભારતમાં <u>1958</u>માં આ સંસ્થાની સ્થાપના કરવામાં આવી હતી.
- <u>DRDO ભવન</u> તરીકે ઓળખાતું તેનું વડું મથક <u>નવી દિલ્હી</u> ખાતે આવેલું છે.
- DRDOનું આદર્શ વાકય (motto) <u>‘બલસ્ય મૂલં વિજ્ઞાનમ્’</u> છે.

**નોંધ :** (1) DRDO અંતર્ગત દેશભરમાં 52 જેટલી પ્રયોગશાળાઓ કાર્યરત છે. અને તેના સ્ટાફમાં 5000 જેટલા વૈજ્ઞાનિકો અને 25000 જેટલા ટેક્નિકલ સ્ટાફનો સમાવેશ થાય છે.

(2) DRDOના વર્તમાન (5 મે 2020ની સ્થિતિએ) અધ્યક્ષ <u>ડો. જી. સતીશ રેડ્ડી</u> છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

ICE CURRENT NEWS
કરંટ અફેર્સની તૈયારી હવે
વધુ સરળ અને ઝડપી બનાવવા
આજે જ સબસ્ક્રાઈબ કરો
અમારી YouTube ચેનલ
YouTube
ICE RAJKOT
SUBSCRIBE

દરેક નવા વીડિયોના NOTIFICATION
માટે BELL icon PRESS કરો.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ICE Questions

1. દર વર્ષે 'વિશ્વ અસ્થમા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 4 મે (B) 5 મે
(C) 6 મે (D) ત્રણમાંથી કોઈ નહિ (D)

2. 'વિશ્વ અસ્થમા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) મે માસનો પ્રથમ શનિવાર (B) મે માસનો પ્રથમ રવિવાર
(C) મે માસનો પ્રથમ સોમવાર (D) મે માસનો પ્રથમ મંગળવાર (D)

3. વર્ષ 2020ની 'વિશ્વ અસ્થમા દિવસ'ની થીમ શું છે ?
(A) STOP for Asthma (B) Enough Asthma Deaths
(C) Allergy and Asthma (D) Global Initiative for Asthma (B)

4. ભારતમાં ગ્રામીણ સ્વ સહાય જૂથોની સહાયતા માટે GeM પોર્ટલ પર કયું ડેશબોર્ડ લોન્ચ કરવામાં આવ્યું છે ?
(A) ધ સરસ ક્લેક્શન (B) ધ સરસ સિલેક્શન
(C) ધ સરસ પ્રોડક્ટ (D) ધ સરસ ઉત્પાદન (A)

5. ભારતમાં ગવર્નમેન્ટ ઈ માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ પર લોન્ચ કરવામાં આવેલા 'ધ સરસ કલેક્શન' નામના ડેશબોર્ડનો મુખ્ય ઉદ્દેશ શું છે ?
(A) ગ્રામીણ કારીગરો માટે બજાર ઉપલબ્ધ કરાવવું
(B) ગ્રામીણ મહિલાઓ માટે બજાર ઉપલબ્ધ કરાવવું
(C) ગ્રામીણ સ્વ સહાય જૂથો માટે બજાર ઉપલબ્ધ કરાવવું
(D) ત્રણમાંથી કોઈ નહિ (C)

6. ભારતમાં ગ્રામીણ સ્વ સહાય જૂથો માટે બજાર ઉપલબ્ધ કરાવવા કેન્દ્ર સરકારના કયા મંત્રાલય દ્વારા GeM પોર્ટલ પર 'ધ સરસ કલેક્શન' નામના ડેશબોર્ડનો પ્રારંભ કરવામાં આવ્યો છે ?
(A) વાણિજ્ય અને ઉદ્યોગ (B) ગ્રામીણ વિકાસ
(C) નાણાં અને કોર્પોરેટ બાબતો (D) માનવ સંસાધન વિકાસ (B)

7. ભારતમાં લોન્ચ થયેલા 'ધ સરસ કલેક્શન' નામના ડેશબોર્ડના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
1. ગવર્નમેન્ટ ઈ માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ પર આ ડેશબોર્ડ લોન્ચ કરવામાં આવ્યું છે.
2. પ્રથમ ચરણમાં ભારતમાં ગુજરાત સહિત કુલ 11 રાજ્યોમાં આ ડેશબોર્ડનો પ્રારંભ કરવામાં આવ્યો છે.
(A) 1 અને 2 (B) ફક્ત 1
(C) ફક્ત 2 (D) બેમાંથી એકપણ નહિ (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

8. COVID-19નો સામનો કરવા માટે ભારતમાં કઈ સંસ્થા દ્વારા UV Blaster નામનો ટાવર અથવા તો ક્ષેત્ર સેનિટાઈઝર વિકસાવવામાં આવ્યું છે ?
(A) IIT બોમ્બે (B) ISRO
(C) CSIR-CRRI (D) DRDO
**(D)**

9. COVID-19નો સામનો કરવા માટે ભારતમાં DRDOની કઈ જગ્યાએ આવેલી 'લેઝર સાયન્સ એન્ડ ટેક્નોલોજી સેન્ટર' (LASTEC) નામની પ્રયોગશાળા દ્વારા UV Blaster નામનો ટાવર અથવા તો ક્ષેત્ર સેનિટાઈઝર વિકસાવવામાં આવ્યું છે ?
(A) નવી દિલ્હી (B) મુંબઈ (C) બેંગાલુરુ (D) ચેન્નાઈ
**(A)**

## 6 MAY, 2020 WEDNESDAY

### ➤ દિવસ મહિમા : 6 મે, આંતરરાષ્ટ્રીય નો ડાયેટ દિવસ (International No Diet Day)

### ➤ COVID-19ની વૈશ્વિક મહામારી અંગે ચર્ચા કરવા NAM Contact Group Summit યોજાઈ



4 મે 2020ના રોજ ગુટ નિરપેક્ષ આંદોલન (Non-Aligned Movement-NAM) સમૂહ દ્વારા NAM Contact Group Summit (નામ સંપર્ક જૂથ શિખર સંમેલન)નું આયોજન કરવામાં આવ્યું હતું.

- આ સમિટ ઓનલાઈન યોજાઈ હતી.
- આ સમિટનો મુખ્ય ઉદ્દેશ વૈશ્વિક કોરોના મહામારી અંગે ચર્ચા કરવાનો હતો.
- આ સમિટમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સહિત 30થી વધુ દેશોના વડાઓ તેમજ અન્ય નેતાઓએ ભાગ લીધો હતો.
- ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ NAM શિખર સંમેલનમાં ભાગ લીધો હોય એવી આ પ્રથમ ઘટના હતી.
- આ અગાઉ 2016 અને 2019માં યોજાયેલા NAMના શિખર સંમેલનમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભાગ લીધો ન હતો. અને એ સમયે તેઓ NAMના શિખર સંમેલનમાં ભાગ ન લેનાર ભારતના પ્રથમ વડાપ્રધાન બન્યા હતા.

ICE INSTITUTE FOR COMP

**નોંધ :** (1) NAM જૂથના આ ઓનલાઈન અથવા તો વર્ચ્યુઅલ શિખર સંમેલનનો યજમાન દેશ અઝરબૈજાન હતો.

(2) આ સમિટની થીમ 'United Against COVID-19' હતી.

(3) આ સંમેલનમાં COVID-19નો સામનો કરવા માટે એક 'ટાસ્ક ફોર્સ'ની રચના કરવાનો તેમજ મેનેજમેન્ટ માટે 'કોમન ડેટાબેઝ' તૈયાર કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

## NAM

NAMનું પૂરું નામ Non Aligned Movement (ગુટ નિરપેક્ષ આંદોલન) છે.

- NAM એ વિશ્વના 120 દેશોનું એવું સંગઠન છે કે જેણે વિશ્વના કોઈપણ Power Bloc.ની સાથે અથવા તો તેમની વિરુદ્ધમાં ન રહેવાનો નિશ્ચય કર્યો હતો.
- ભારતના વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરુ, ઈજિપ્તના રાષ્ટ્રપતિ શ્રી ગમલ અબ્દેલ નાસેર અને યુગોસ્લાવિયાના રાષ્ટ્રપતિ શ્રી જોસિપ બ્રોઝ ટિટોની પહેલથી આ આંદોલનનો પ્રારંભ થયો હતો.
- 1961માં સર્બિયાની રાજધાની બેલગ્રેડમાં તેની સ્થાપના થઈ હતી.

## ➤ COVID-19નો સામનો કરવા માટે SERB દ્વારા MATRICS યોજના લોન્ચ

ભારતમાં કેન્દ્ર સરકારના વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રાલય અંતર્ગતના Science and Engineering Research Board (SERB) દ્વારા 'મેટ્રિક્સ યોજના' (MATRICS Scheme) લોન્ચ કરવામાં આવી છે.

- ભારતમાં COVID-19નો સામનો કરવામાં સહાયતા થાય તે માટે આ યોજના લોન્ચ કરવામાં આવી છે.
- આ યોજના અંતર્ગત COVID-19ના વિવિધ પાસાઓના ગાણિતિક મોડલને આધારે અભ્યાસ કરવા માટે 11 પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી છે.
- આ અભ્યાસની મદદથી સંક્રમિત વ્યક્તિના સંપર્કની માહિતીને આધારે વધારેમાં વધારે સંભવિત સંક્રમિત લોકોની ઓળખ કરીને અથવા તો Infection Treeની ઓળખ કરીને સરકારના પ્રયાસોમાં સહયોગ આપવામાં આવશે.
- આ ઉપરાંત આ અભ્યાસની મદદથી COVID-19ના સંભવિત ઈલાજની શોધ માટે એક સોફ્ટવેર પણ તૈયાર કરવામાં આવશે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ➤ ડ્રોનના ઉપયોગમાં છૂટછાટ માટે કેન્દ્ર સરકાર દ્વારા 'ગરુડ પોર્ટલ' લોન્ચ

ભારતમાં કેન્દ્ર સરકારના નાગરિક ઉડ્ડયન મંત્રાલય દ્વારા તાજેતરમાં 'GARUD' (ગરુડ) નામનું એક પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું છે.

### ગરુડનું પૂરું નામ

GARUDનું પૂરું નામ Government Authorisation for Relief Using Drones છે.

### આ પોર્ટલનો ઉદ્દેશ




COVID-19 મહામારી દરમિયાન ડ્રોનના ઉપયોગ માટે છૂટછાટ મેળવવામાં રાજ્ય સરકારોને સહાયતા થાય તે હેતુથી આ પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું છે.

- ભારતના અનેક રાજ્યોમાં જાહેર સ્થળોને સેનેટાઈઝ કરવા માટે ડ્રોનનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.
- આથી, આ સંજોગોમાં ડ્રોનના સંચાલન માટે છૂટછાટ મેળવવામાં આ પોર્ટલની મદદથી તેમને સહાયતા થશે.

**નોંધ :** ભારતમાં કેન્દ્ર સરકારના નાગરિક અને ઉડ્ડયન મંત્રાલય અંતર્ગતના DGCA દ્વારા આ પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### DGCA

DGCAનું પૂરું નામ Directorate General of Civil Aviation છે.

- DGCA એ ભારતમાં નાગરિક ઉડ્ડયન (Civil Aviation) ક્ષેત્રની એક નિયામક સંસ્થા છે.
- ભારતમાં હવાઈ સુરક્ષા તથા હવાઈ દુર્ઘટના સંબંધિત બાબતોની તપાસ આ સંસ્થા દ્વારા જ કરવામાં આવે છે.
- ભારતમાં તથા ભારતમાંથી થતા હવાઈ પરિવહન તેમજ નાગરિક વિમાન સેવાઓના નિયમન તથા તેની સુરક્ષા અને તેના અમલીકરણ માટે યોગ્ય માપદંડ આ સંસ્થા દ્વારા જ નક્કી કરવામાં આવે છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ICE ? Questions

1. 'ઈન્ટરનેશનલ નો ડાયેટ ડે' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 4 મે (B) 5 મે (C) 6 મે (D) 7 મે **(C)**

2. 4 મે 2020ના રોજ યોજાયેલી NAM Contact Group Summitમાં અથવા તો નામ દેશોના સંમેલનમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભાગ લીધો હતો આ સંમેલન કયાં યોજાયું હતું ?
(A) વિયેના (B) મનામા
(C) મિન્સ્ક (D) ત્રણમાંથી કોઈ નહિ **(D)**
(તેનું વર્ચ્યુઅલ અથવા તો ઓનલાઈન કે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી આયોજન થયું હતું.)

3. 4 મે 2020ના રોજ યોજાયેલા NAM દેશોના શિખર સંમેલનમાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભાગ લીધો હતો...આ સંમેલનના યજમાન દેશનું નામ શું છે ?
(A) આર્જેન્ટિના (B) ઓસ્ટ્રિયા
(C) અઝરબૈજાન (D) બેલારુસ **(C)**

4. તાજેતરમાં ચર્ચામાં રહેલ નામ (NAM) સંગઠનના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
1. તેનું પૂરું નામ Non-Aligned Movement છે.
2. સર્બિયાની રાજધાની બેલગ્રેડમાં 1961માં તેની સ્થાપના થઈ હતી.
3. તેમાં 120 સભ્ય દેશો છે.
(A) 1, 2, 3 (B) 1, 2 (C) 1, 3 (D) 2, 3 **(A)**

5. COVID-19નો સામનો કરવા માટે ભારતમાં કેન્દ્ર સરકારના કયા મંત્રાલય દ્વારા 'મેટ્રિક્સ યોજના' લોન્ચ કરવામાં આવી છે ?
(A) નાગરિક ઉડ્ડયન (B) ગ્રામીણ વિકાસ
(C) વાણિજ્ય અને ઉદ્યોગ (D) સાયન્સ & ટેક્નોલોજી **(D)**

6. COVID-19નો સામનો કરવા માટે ભારતમાં કેન્દ્ર સરકારના સાયન્સ & ટેક્નોલોજી મંત્રાલય અંતર્ગતની કઈ સંસ્થા દ્વારા 'મેટ્રિક્સ યોજના' લોન્ચ કરવામાં આવી છે ?
(A) Science and Engineering Research Board (SERB)
(B) Science and Engineering Research Development (SERD)
(C) Science and Electronics Research Board (SERB)
(D) Science and Electronics Research Development (SERD) **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

7. COVID-19 મહામારી દરમિયાન ભારતમાં ડ્રોનના ઉપયોગ માટે છૂટછાટ મેળવવા રાજ્ય સરકારોને સહાયતા થાય તે હેતુથી કેન્દ્ર સરકારના નાગરિક ઉડ્ડયન મંત્રાલય દ્વારા કયું પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું છે ?

(A) ત્રિનેત્ર (B) બાજ (C) ગરુડ (D) નિશાન

**(C)**

8. ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા લોન્ચ કરવામાં આવેલા 'ગરુડ પોર્ટલ'ના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?

1. કેન્દ્ર સરકારના નાગરિક ઉડ્ડયન મંત્રાલય અંતર્ગતના DGCA દ્વારા આ પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું છે.
2. આ પોર્ટલનું (GARUDનું) પૂરું નામ Government Authorisation for Relief Using Drones છે.

(A) 1 અને 2 (B) ફક્ત 1

(C) ફક્ત 2 (D) બેમાંથી એક પણ નહિ

**(A)**

## 7 MAY, 2020 THURSDAY

➤ **દિવસ મહિમા : વૈશાખ સુદ પૂનમ, બુદ્ધ પૂર્ણિમા**

➤ **જાહેર સ્થળોને સેનેટાઈઝ કરવા માટે ગરુડ એરોસ્પેસ દ્વારા 'કોરોના કિલર 100' નામનું ડ્રોન વિકસાવવામાં આવ્યું**



ભારતની ડ્રોન નિર્માતા કંપની <u>ગરુડ એરોસ્પેસ (Garuda Aerospace)</u> દ્વારા <u>'કોરોના કિલર 100' (Corona Killer 100)</u> નામનું એક ડ્રોન વિકસાવવામાં આવ્યું છે.

- COVID-19 સામેની લડતમાં જાહેર સ્થળોને કિટાણુમુક્ત બનાવવા માટે આ ડ્રોન ઉપયોગી છે.
- આ ડ્રોનની મદદથી <u>450 ફૂટ</u>ની ઊંચાઈ સુધીના સ્થળોને સેનેટાઈઝ કરી શકાય છે.
- આ ડ્રોનની પેલોડ ક્ષમતા <u>15થી 20 લિટર</u> સુધીની છે.
- આ ડ્રોન સતત <u>40થી 45 મિનિટ</u> સુધી ઉડાન ભરી શકે છે.

**નોંધ :** (1) હાલ ભારતના 26 શહેરોમાં આ ડ્રોનનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

(2) <u>નીતિ આયોગ</u> દ્વારા વર્ષ <u>2016</u>માં ટોચના 10 સોશિયલ-ઈકોનોમિક ઈનોવેશનમાંના એક તરીકે આ ડ્રોનની પસંદગી કરવામાં આવી હતી. જોકે, એ સમયે ખેતરમાં જંતુનાશક દવાનો છંટકાવ કરવા માટે આ ડ્રોન વિકસાવવામાં આવ્યું હતું.

## ➤ Border Roads Organization (BRO)ના 60મા સ્થાપના દિવસની ઉજવણી




7 મે 2020ના રોજ ભારતમાં <u>Border Roads Organization (સરહદ રોડ સંગઠન) BRO</u>ના <u>60મા સ્થાપના દિવસ</u>ની ઉજવણી કરવામાં આવી છે.

- BRO દ્વારા ભારતના સરહદી વિસ્તારોમાં રોડ નેટવર્કનું નિર્માણ અને સંચાલન કરવામાં આવે છે.
- ભારત ઉપરાંત અફઘાનિસ્તાન, ભૂટાન, મ્યાનમાર અને શ્રીલંકા જેવા ભારતના પાડોશી દેશોમાં પણ BRO દ્વારા માળખાગત બાંધકામોનું નિર્માણ કરવામાં આવે છે.
- તેની સ્થાપના <u>7 મે 1960</u>ના રોજ થઈ હતી.
- તેનું વડું મથક <u>નવી દિલ્હી</u> ખાતે આવેલું છે.
- તે ભારતમાં કેન્દ્ર સરકારના <u>સંરક્ષણ મંત્રાલય</u> અંતર્ગત કાર્ય કરે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ જમ્મુ કાશ્મીરના ત્રણ ફોટોગ્રાફરો સહિત ભારતના કુલ 5 વ્યક્તિઓને વર્ષ 2020નો પુલિત્ઝર પુરસ્કાર એનાયત

તાજેતરમાં ભારતના <u>જમ્મુ કાશ્મીરના ત્રણ ફોટોગ્રાફરો</u>ને વર્ષ <u>2020</u>નો <u>પુલિત્ઝર પુરસ્કાર</u> એનાયત થયો છે.




- આ ત્રણ ફોટોગ્રાફરોના નામ આ પ્રમાણે છે :
  - (1) **શ્રી ચન્ની આનંદ**
  - (2) **શ્રી મુખ્તાર ખાન અને**
  - (3) **શ્રી યાસીન ડાર**
- આ ત્રણેય ફોટોગ્રાફરો <u>એસોસિયેટ પ્રેસ</u> નામની <u>ન્યુઝ એજન્સી</u> માટે કામ કરતા હતા.
- ભારતમાં જમ્મુ કાશ્મીરમાંથી આર્ટિકલ 370ની નાબુદી બાદ જમ્મુ કાશ્મીરમાં થયેલા વિરોધ પ્રદર્શન અને કરફ્યુની સ્થિતિ દરમિયાન કરવામાં આવેલી ફોટોગ્રાફી માટે આ ત્રણેય ફોટોગ્રાફરોને આ પુરસ્કાર એનાયત થયો છે.

## કઈ કેટેગરીમાં આ પુરસ્કાર એનાયત થયો છે ?

મુખ્યત્વે પત્રકારત્વ ઉપરાંત બુકસ, ડ્રામા અને મ્યુઝિકની વિવિધ કેટેગરીમાં આ પુરસ્કાર એનાયત થાય છે.

- તેમાંથી પત્રકારત્વની **Feature Photography** કેટેગરીમાં તેમને આ પુરસ્કાર એનાયત થયો છે.

## સુશ્રી અનુશ્રી ફડનવીસ અને શ્રી અદનાન આબિદી

જમ્મુ કાશ્મીરના ઉપરોક્ત ત્રણ ફોટોગ્રાફરો ઉપરાંત ભારતના **સુશ્રી અનુશ્રી ફડનવીસ** અને **શ્રી અદનાન આબિદી**ને પણ વર્ષ **2020**નો **પુલિત્ઝર પુરસ્કાર** એનાયત થયો છે.

- સુશ્રી અનુશ્રી ફડનવીસ અને શ્રી અદનાન આબિદીને પત્રકારત્વની **'બ્રેકિંગ ન્યૂઝ ફોટોગ્રાફી'**ની કેટેગરીમાં આ પુરસ્કાર એનાયત થયો છે.

## પુલિત્ઝર પુરસ્કાર

પુલિત્ઝર પુરસ્કાર એ મુખ્યત્વે પત્રકારત્વ (ઉપરાંત સાહિત્ય અને સંગીત)ક્ષેત્રે એનાયત થતો **અમેરિકા**નો પ્રતિષ્ઠિત પુરસ્કાર છે.

- વર્ષ **1917**માં **શ્રી જોસેફ પુલિત્ઝર** દ્વારા આ પુરસ્કારનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.
- શ્રી જોસેફ પુલિત્ઝર **હંગેરી** મૂળના **અમેરિકન** ન્યૂઝ પેપર પબ્લિશર હતા.
- હાલ આ પુરસ્કારનું સંચાલન અમેરિકાના ન્યુયોર્ક ખાતે આવેલી કોલમ્બિયા યુનિવર્સિટી દ્વારા કરવામાં આવે છે.
- દર વર્ષે **20થી વધુ** કેટેગરીમાં આ પુરસ્કાર એનાયત થાય છે. વર્ષ **2020**માં કુલ **23 કેટેગરી**માં આ પુરસ્કાર એનાયત થયો છે.
- આ પુરસ્કાર અંતર્ગત દરેક કેટેગરીના દરેક વિજેતાને **એક સર્ટિફિકેટ** અને **15,000 ડોલર**નો રોકડ પુરસ્કાર આપવામાં આવે છે.
- જ્યારે આ પુરસ્કાર અંતર્ગત **Public Service Category**માં એવોર્ડ વિજેતાને **Gold Medal** પણ એનાયત થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ વિદેશમાંથી ભારતીય નાગરિકોને ભારત પરત લાવવા માટે ભારતીય નૌસેના દ્વારા ઓપરેશન 'સમુદ્ર સેતુ' લોન્ચ




ભારતીય **નૌસેના** દ્વારા તાજેતરમાં **'સમુદ્ર સેતુ'** નામથી એક **ઓપરેશન** લોન્ચ કરવામાં આવ્યું છે.

- આ ઓપરેશનનો મુખ્ય ઉદ્દેશ COVID-19ની વૈશ્વિક મહામારી દરમિયાન **વિદેશમાંથી ભારતીય નાગરિકોને ભારત પરત લાવવાનો** છે.
- એટલે કે વિદેશમાંથી ભારતીય નાગરિકોને ભારત પરત લાવવા માટે આ ઓપરેશન લોન્ચ કરવામાં આવ્યું છે.

### આ ઓપરેશનનું પ્રથમ ચરણ

આ ઓપરેશનના પ્રથમ ચરણમાં **માલદીવ**માંથી આશરે 800 થી 1000 ભારતીય નાગરિકોને ભારત પરત લાવવામાં આવશે.

- આ માટે ભારતીય નૌસેનાના બે જહાજો –
  (1) INS Jalashwa (જલશ્વ) અને
  (2) INS Magar (મગર) ને માલદીવ મોકલવામાં આવ્યા છે.
- અને ભારત પરત લાવવામાં આવનાર આ ભારતીય નાગરિકોને **કેરળ**ના **કોચિ બંદર** પર ઉતારવામાં આવશે.

**નોંધ :** ભારતીય નૌસેના દ્વારા આ ઓપરેશન ભારત સરકારના સંરક્ષણ મંત્રાલય, વિદેશ મંત્રાલય, ગૃહ મંત્રાલય, આરોગ્ય મંત્રાલય અને ભારત સરકારની વિવિધ એજન્સીઓ તેમજ રાજ્ય સરકારો સાથે શ્રેષ્ઠ સંકલન સાધીને ચલાવવામાં આવી રહ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ICE ? Questions

1. 'બુદ્ધ પૂર્ણિમા' તરીકે કઈ પૂનમ ઉજવાય છે ?
   (A) વૈશાખ સુદ પૂનમ (B) ચૈત્ર સુદ પૂનમ
   (C) ફાગણ સુદ પૂનમ (D) અષાઢ સુદ પૂનમ
   **(A)**

2. 'વૈશાખ સુદ પૂનમ', 'બુદ્ધ પૂર્ણિમા' અથવા તો 'વેસક દિવસ'ના રોજ ભગવાન બુદ્ધના જીવન સાથે સંકળાયેલો કયો પ્રસંગ ઉજવાય છે ?
   (A) બુદ્ધત્વની પ્રાપ્તિ (B) શ્રી ગૌતમ બુદ્ધ જન્મ
   (C) મહાપરિનિર્વાણ (D) ઉપરોક્ત ત્રણેય
   **(D)**

3. ભારતમાં જાહેર સ્થળોને કિટાણુમુકત કરવા ભારતની કઈ કંપની દ્વારા 'કોરોના કિલર 100' નામનું ડ્રોન વિકસાવવામાં આવ્યું છે ?
(A) ટાઈગર એરોસ્પેસ (B) લાયન એરોસ્પેસ
(C) ગરુડ એરોસ્પેસ (D) જેગુઆર એરોસ્પેસ
**(C)**

4. ગરુડ એરોસ્પેસ દ્વારા ભારતમાં જાહેર સ્થળોને સેનેટાઈઝ કરવા કયું ડ્રોન વિકસાવવામાં આવ્યું છે ?
(A) કોરોના કોવિડ 100 (B) કોરોના કિલર 100
(C) કોરોના સ્પેશિયલ 100 (D) કોરોના સેનેટાઈઝર 100
**(B)**

5. 7 મે 2020ના રોજ ભારતમાં સરહદ રોડ સંગઠન (BRO)ના કેટલામા સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી છે ?
(A) 50મા (B) 60મા (C) 75મા (D) 100મા
**(B)**

6. ભારતમાં Border Roads Organization (BRO)ની સ્થાપના કયારે કરવામાં આવી હતી ?
(A) 7 મે 1950 (B) 7 મે 1960 (C) 7 મે 1970 (D) 7 મે 1980
**(B)**

7. ભારતના કયા રાજ્ય અથવા તો કેન્દ્ર શાસિત પ્રદેશના ત્રણ ફોટોગ્રાફરોને વર્ષ 2020નો પુલિત્ઝર પુરસ્કાર એનાયત થયો છે ?
(A) જમ્મુ કાશ્મીર (B) ઉત્તરપ્રદેશ (C) દિલ્હી (D) તમિલનાડુ
**(A)**

8. જમ્મુ કાશ્મીરના ત્રણ ફોટોગ્રાફરને વર્ષ 2020નો પુલિત્ઝર પુરસ્કાર એનાયત થયો છે...આ ત્રણ ફોટોગ્રાફરોમાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી ?
(A) શ્રી ચન્ની આનંદ (B) શ્રી અયુબ ખાન
(C) શ્રી યાસીન ડાર (D) શ્રી મુખ્તાર ખાન
**(B)**

9. જમ્મુ કાશ્મીરના ત્રણ ફોટોગ્રાફરો શ્રી ચન્ની આનંદ, શ્રી યાસીન ડાર અને શ્રી મુખ્તાર ખાનને પત્રકારત્વની કઈ કેટેગરીમાં વર્ષ 2020નો પુલિત્ઝર એવોર્ડ એનાયત થયો છે ?
(A) Feature Photography (B) Creative Photography
(C) City Photography (D) Local Area Photography
**(A)**

10. વર્ષ 2020ના પુલિત્ઝર પુરસ્કાર વિજેતા ભારતીય વ્યક્તિઓમાં નીચેનામાંથી કોનો સમાવેશ થાય છે ?
(A) સુશ્રી અનુશ્રી ફડનવીસ અને શ્રી અદનાન આબિદી
(B) સુશ્રી અનુશ્રી ફડનવીસ અને શ્રી સોહિલ ખાન
(C) સુશ્રી અનુશ્રી ફડનવીસ અને શ્રી રહીમ ખાન
(D) સુશ્રી અનુશ્રી ફડનવીસ અને શ્રી અદનાન સાલેહ
**(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

11. ભારતના સુશ્રી અનુશ્રી ફડનવીસ અને શ્રી અદનાન આબિદીને પત્રકારત્વની કઈ કેટેગરીમાં વર્ષ 2020નો પુલિત્ઝર પુરસ્કાર એનાયત થયો છે ?

(A) ફીચર ફોટોગ્રાફી
(B) બ્રેકિંગ ન્યૂઝ ફોટોગ્રાફી
(C) નેશનલ ન્યૂઝ ફોટોગ્રાફી
(D) ઈન્ટરનેશનલ ન્યૂઝ ફોટોગ્રાફી **(B)**

12. પુલિત્ઝર પુરસ્કારના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?

1. પુલિત્ઝર પુરસ્કાર એ બ્રિટનનો પ્રતિષ્ઠિત પુરસ્કાર છે.
2. 1917માં શ્રી જોસેફ પુલિત્ઝર દ્વારા આ પુરસ્કારનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.
3. બ્રિટનની કોલમ્બિયા યુનિવર્સિટી દ્વારા આ પુરસ્કારનું સંચાલન કરવામાં આવે છે.
4. આ પુરસ્કાર વિજેતાને 15,000 ડોલર રોકડ ઈનામ આપવામાં આવે છે.

Ans. (A) 1, 2, 3, 4 (B) 2, 3, 4 (C) 2, 4 (D) ફક્ત 4 **(C)**

13. COVID-19 મહામારી દરમિયાન વિદેશમાંથી ભારતીય નાગરિકોને ભારત પરત લાવવા માટે ભારતીય નૌસેના દ્વારા કયું ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે ?

(A) સમુદ્ર સુરક્ષા
(B) સમુદ્ર મિત્ર
(C) સમુદ્ર સાથી
(D) સમુદ્ર સેતુ **(D)**

14. ભારતીય નૌસેના દ્વારા લોન્ચ કરવામાં આવેલા ઓપરેશન ‘સમુદ્ર સેતુ’ના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?

1. આ ઓપરેશનના પ્રથમ ચરણમાં માલદીવમાંથી આશરે 800 થી 1000 ભારતીય નાગરિકોને પરત લાવવામાં આવ્યા છે.
2. આ ઓપરેશનના પ્રથમ ચરણમાં ભારતીય નૌસેનાના INS જલશ્વ અને INS મગર નામના જહાજોને માલદીવ મોકલવામાં આવ્યા હતા.

Ans. (A) 1 અને 2
(B) ફક્ત 1
(C) ફક્ત 2
(D) બેમાંથી એકપણ નહિ **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 8 MAY, 2020 FRIDAY

### ➤ દિવસ મહિમા : 8 મે, વિશ્વ રેડક્રોસ દિવસ (World Red Cross Day)

### ➤ આંધ્રપ્રદેશમાં એક દક્ષિણ કોરિયન કંપનીના કેમિકલ પ્લાન્ટમાંથી સ્ટિરિન ગેસ લિકેજ થતાં 11 લોકોના મોત



7 મે 2020ના રોજ આંધ્રપ્રદેશમાં થયેલી એક ગેસ લિકેજની દુર્ઘટનામાં 11 લોકોના મોત થયા છે.

- અને 300 જેટલા લોકો બેભાન થતાં તેમને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાયા છે.
- જ્યારે આશરે 5000 લોકોને ઝેરી ગેસના કારણે આંખોમાં બળતરા તથા શ્વાસ લેવામાં તકલીફ વગેરે જેવી સમસ્યા સર્જાઈ હતી.

#### આ દુર્ઘટના ક્યાં ઘટી હતી ?

આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમ જિલ્લાના આર આર વેંકટપુરમ નામના ગામમાં આ દુર્ઘટના ઘટી હતી.

- જેમાં આર આર વેંકટપુરમ ખાતે આવેલી દક્ષિણ કોરિયાની LG Polymers અથવા તો LG Polymers India નામની કંપનીમાં સ્ટિરિન (Styrene) નામનો એક ઝેરી ગેસ લીક થતાં આ દુર્ઘટના સર્જાઈ હતી.

#### Styrene

સ્ટિરિન એ એક કાર્બનિક સંયોજન છે.

- તેને એથેનાઈલબેન્ઝિન (Ethenylbenzene), વિનાઈલબેન્ઝિન (Vinylbenzene) અને ફિનાઈલએથીન (Phenylethene) તરીકે પણ ઓળખવામાં આવે છે.
- સામાન્ય રીતે સ્ટિરિન લિક્વીડ સ્વરૂપે હોય છે, પરંતુ આસાનીથી તેનું બાષ્પ કે ગેસમાં રૂપાંતર થઈ જાય છે.
- 20 ડિગ્રીથી ઓછા તાપમાનમાં તે સુરક્ષિત હોય છે.
- પરંતુ LG પોલિમર્સની ફેક્ટરીનું રેફ્રિજરેશન યુનિટ યોગ્ય રીતે કામ કરતું ન હોવાથી સ્ટિરિન નામનું આ રસાયણ ગેસ બનીને લિકેજ થયું હતું.
- આ ઝેરી ગેસના સંપર્કમાં આવનાર વ્યક્તિની સેન્ટ્રલ નર્વ સિસ્ટમ પર ગંભીર અસર થાય છે.
- તેનાથી વ્યક્તિની શ્રવણ ક્ષમતા જતી રહે છે. અને વ્યક્તિ માનસિક સંતુલન ગુમાવી બેસે છે.
- આ ગેસ ઓક્સિજનમાં સરળતાથી ભળી જતો હોવાથી હવામાં કાર્બન મોનોક્સાઈડનું પ્રમાણ વધે છે. જેને કારણે શ્વાસ રૂંધાવા લાગે છે અને વ્યક્તિ બેભાન થઈ ઢળી પડે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**નોંધ :** (1) સ્ટિરિનનો મુખ્ય ઉપયોગ પોલિસ્ટિરિન એટલે કે થર્મોકોલ બનાવવા માટે થાય છે.
(2) આંધ્રપ્રદેશમાં સ્ટિરિન ગેસની અસર ઓછી કરવા માટે ગુજરાતના વાપીમાંથી PTBC નામનું કેમિકલ આંધ્રપ્રદેશ મોકલવામાં આવ્યું હતું.
(3) PTBCનું પૂરું નામ Para Tertiary Butly Catechol છે.

## આ દુર્ઘટનામાં અસરગ્રસ્તોને સહાય

આંધ્રપ્રદેશમાં સર્જાયેલી આ દુર્ઘટનામાં આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી **શ્રી એસ જગનમોહન રેડ્ડીએ** અસરગ્રસ્તોને નીચે પ્રમાણે સહાય આપવાનો નિર્ણય કર્યો હતો :

| ક્રમ | દુર્ઘટના/અસર | સહાય (રૂપિયામાં) |
|---|---|---|
| 1 | મૃતકના પરિવાર જનોને | 1 કરોડ |
| 2 | વેન્ટીલેટર પર સારવાર લઈ રહેલા દર્દીઓને | 10 લાખ |
| 3 | સામાન્ય પ્રકારની તકલીફ માટે સારવાર લેનારને | 1 લાખ |
| 4 | આઉટ ડોર પેશન્ટ તરીકે સારવાર લેનારને | 25,000 |
| 5 | પોતાના પશુ ગુમાવનાર પરિવારોને | 20,000 |
| 6 | આસપાસના પાંચ ગામના અસરગ્રસ્ત પરિવારોને | 5,000 |

## ભોપાલ ગેસ દુર્ઘટના

ભારતમાં આ અગાઉ 2-3 ડિસેમ્બર 1984ના રોજ **મધ્યપ્રદેશના ભોપાલ** ખાતે આવી ગેસ લિકેજની એક ખૂબ જ ભયાનક દુર્ઘટના સર્જાઈ હતી.

- જેમાં આશરે 15,000થી વધુ લોકોનાં મોત થયા હતા અને 5 લાખથી વધુ લોકોને તેની અસર થઈ હતી એવું કહેવાય છે.
- **મધ્યપ્રદેશના ભોપાલ** ખાતે આવેલી Union Carbide India Limited (UCIL) નામની કંપનીમાંથી **મિથાઈલ આઈસોસાઈનેટ (Methyl Isocyanate -MIC)** નામનો **ઝેરી ગેસ** લિકેજ થતાં આ દુર્ઘટના સર્જાઈ હતી.

INSTITUTE FOR COMPETITIVE

## ➤ Forbes India Billionaires List 2020માં શ્રી મુકેશ અંબાણી પ્રથમ ક્રમે યથાવત્



**અમેરિકાના** પ્રસિદ્ધ મેગેઝિન **ફોર્બ્સ** દ્વારા તાજેતરમાં **ભારતના અબજોપતિઓની** એક યાદી જાહેર કરવામાં આવી છે.

- **Forbes India Billionaires List 2020** નામથી પ્રસિદ્ધ થયેલી આ યાદીમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના **શ્રી મુકેશ અંબાણી પ્રથમ** ક્રમે છે.

- આ અગાઉ જાહેર થયેલી વર્ષ 2019ની આ યાદીમાં પણ શ્રી મુકેશ અંબાણી પ્રથમ ક્રમે જ હતા.
- આથી, આ યાદીમાં તેમણે પ્રથમ ક્રમ જાળવી રાખ્યો છે.
- જ્યારે વર્ષ 2020માં પ્રસિદ્ધ થયેલી આ યાદીમાં DMartના સ્થાપક શ્રી રાધાકિશન દમાણી બીજા ક્રમે છે.
- શ્રી રાધા કિશન દમાણીનો પ્રથમ વખત આ યાદીમાં બીજા ક્રમે સમાવેશ થયો છે.
- શ્રી રાધા કિશન દમાણી બાદ HCLના સ્થાપક અને અધ્યક્ષ શ્રી શિવ નાદર ત્રીજા ક્રમે છે.

## Forbes India Billionaires List 2020

| ક્રમ | અબજપતિ | સંપત્તિ (બિલિયન ડોલરમાં) |
|---|---|---|
| 1 | શ્રી મુકેશ અંબાણી | 36.8 |
| 2 | શ્રી રાધા કિશન દમાણી | 13.8 |
| 3 | શ્રી શિવ નાદર | 11.9 |
| 4 | શ્રી ઉદય કોટક | 10.4 |
| 5 | શ્રી ગૌતમ અદાણી | 8.9 |
| 6 | શ્રી સુનિલ મિત્તલ | 8.8 |
| 7 | શ્રી સાઈરસ પૂનાવાલા | 8.2 |
| 8 | શ્રી કુમાર બિરલા | 7.6 |
| 9 | શ્રી લક્ષ્મી મિત્તલ | 7.4 |
| 10 | શ્રી અજીમ પ્રેમજી | 6.1 |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભારતના સૌથી યુવા અબજપતિ

વર્ષ 2020માં પ્રસિદ્ધ થયેલી ફોર્બ્સની ભારતના અબજોપતિઓની આ યાદીમાં એજ્યુકેશન ટેક્નોલોજી કંપની બાયજૂસ (BYJU'S)ના સ્થાપક શ્રી બાયજુ રવિન્દ્રનનો પણ પ્રથમ વખત સમાવેશ થયો છે.

- આ સાથે જ શ્રી બાયજુ રવિન્દ્રન ફોર્બ્સની આ પ્રતિષ્ઠિત યાદીમાં સામેલ થનાર ભારતના સૌથી યુવા અબજપતિ બની ગયા છે.

**નોંધ :** (1) આ અગાઉ વર્ષ 2019માં પ્રસિદ્ધ થયેલી આ યાદી અનુસાર ભારતમાં અબજોપતિઓની કુલ સંખ્યા 106 હતી.

(2) જ્યારે વર્ષ 2020માં પ્રસિદ્ધ થયેલી આ યાદી અનુસાર ભારતમાં અબજોપતિઓની કુલ સંખ્યા ઘટીને 102 થઈ ગઈ છે.

## ➤ વિદેશમાં ફસાયેલા ભારતીય નાગરિકોને ભારત પરત લાવવા માટે ભારત સરકાર દ્વારા 'વન્દે ભારત મિશન' લોન્ચ

7 મે 2020ના રોજ ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા **'વન્દે ભારત'** નામથી એક **મિશન** લોન્ચ કરવામાં આવ્યું છે.

- કોરોના મહામારીના વૈશ્વિક સંકટમાં કોરોના લોકડાઉનને કારણે **વિદેશમાં ફસાયેલા ભારતીય નાગરિકોને ભારત પરત લાવવા માટે** આ મિશન લોન્ચ કરવામાં આવ્યું છે.
- આ મિશન અંતર્ગત ખાડી દેશો ઉપરાંત અમેરિકા બ્રિટન, સિંગાપુર, બાંગ્લાદેશ વગેરે જેવા દેશોમાં ફસાયેલા હજારો ભારતીય નાગરિકોને ભારત પરત લાવવામાં આવશે.
- ભારત સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલું આ મિશન 1990માં ખાડી યુદ્ધ દરમિયાન કુવૈતમાંથી 1.7 લાખ ભારતીય નાગરિકોને ભારત પરત લાવવા માટે હાથ ધરાયેલા મિશન બાદ અત્યાર સુધીનું સૌથી મોટું મિશન છે.

**નોંધ :** (1) ભારતમાં **એર ઈન્ડિયા**ના નેતૃત્વમાં આ મિશન લોન્ચ કરવામાં આવ્યું છે.
(2) આ ઉપરાંત વિદેશમાં ફસાયેલા ભારતીય નાગરિકોને સમુદ્રી માર્ગે ભારત પરત લાવવા માટે **ભારતીય નૌસેના** દ્વારા **'ઓપરેશન સમુદ્ર સેતુ'** પણ લોન્ચ કરવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ICE Questions

1. 'વિશ્વ રેડક્રોસ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 6 મે (B) 7 મે (C) 8 મે (D) 9 મે **(C)**

2. 7 મે 2020ના રોજ ભારતના કયા રાજ્યમાં થયેલી ગેસ લિકેજની દુર્ઘટનામાં 11 લોકોના મોત થયા હતા ?
(A) તમિલનાડુ (B) તેલંગાણા (C) કેરળ (D) આંધ્રપ્રદેશ **(D)**

3. 7 મે 2020ના રોજ ભારતમાં આંધ્રપ્રદેશના કયા ગામમાં થયેલી ગેસ લિકેજની દુર્ઘટનામાં 11 લોકોનાં મોત થયા હતા ?
(A) આર આર વેંકટપુરમ, જિ. શ્રીકાકુલમ
(B) આર આર વેંકટપુરમ, જિ. નેલ્લોર
(C) આર આર વેંકટપુરમ, જિ. વિશાખાપટ્ટનમ
(D) આર આર વેંકટપુરમ, જિ. કર્નૂલ **(C)**

4. 7 મે 2020ના રોજ આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમ જિલ્લાના આર આર વેંકટપુરમ ગામમાં આવેલી દક્ષિણ કોરિયાની કઈ કંપનીમાં સર્જાયેલી ગેસ લિકેજની દુર્ઘટનામાં 11 લોકોનાં મોત થયા હતા ?

(A) LG Polymers (B) LG Thermocol

(C) LG Polycab (D) LG Polythene

**(A)**

5. 7 મે 2020ના રોજ આંધ્રપ્રદેશમાં આવેલી દક્ષિણ કોરિયાઈ કંપની LG Polymersમાં કયો ગેસ લિકેજ થતાં 11 લોકોના મોત થયા હતા ?

(A) ફ્લુરિન (B) સિલેન (C) એથિલિન (D) સ્ટિરિન

**(D)**

6. 7 મે 2020ના રોજ આંધ્રપ્રદેશમાં સર્જાયેલી ગેસ દુર્ઘટનામાં સ્ટિરિન ગેસની અસર ઓછી કરવા માટે ભારતના કયા શહેરમાંથી PTBC નામનું કેમિકલ આંધ્રપ્રદેશ મોકલવામાં આવ્યું હતું ?

(A) ભોપાલ (B) મુંબઈ (C) અંકલેશ્વર (D) વાપી

**(D)**

7. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલી ફોર્બ્સની વર્ષ 2020ની ભારતના અબજોપતિઓની યાદીમાં પ્રથમ ત્રણ ક્રમે ભારતના કયા ઉદ્યોગપતિઓનો સમાવેશ થયો છે ?

(A) શ્રી મુકેશ અંબાણી, શ્રી રાધા કિશન દમાણી, શ્રી ઉદય કોટક

(B) શ્રી મુકેશ અંબાણી, શ્રી રાધા કિશન દમાણી, શ્રી શિવ નાદર

(C) શ્રી મુકેશ અંબાણી, શ્રી રાધા કિશન દમાણી, શ્રી કુમાર બિરલા

(D) શ્રી મુકેશ અંબાણી, શ્રી રાધા કિશન દમાણી, શ્રી સુનિલ મિત્તલ

**(B)**

8. કોરોના લોકડાઉનને કારણે વિદેશમાં ફસાયેલા ભારતીય નાગરિકોને ભારત પરત લાવવા માટે ભારત સરકારે કયું મિશન લોન્ચ કર્યું છે ?

(A) વંદે માતરમ્ (B) વંદે ભારત

(C) નમસ્તે ભારત (D) સુસ્વાગતમ

**(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

9 MAY, 2020 SATURDAY

## ➤ કોરોના મહામારી દરમિયાન સર્જાયેલી કરુણાંતિકામાં મહારાષ્ટ્રના ઔરંગાબાદમાં 16 મજૂરોના ટ્રેન નીચે કચડાઈ જવાથી મોત

8 મે 2020ના રોજ સર્જાયેલી એક ખૂબ જ દુઃખદ ઘટનામાં મહારાષ્ટ્રના ઔરંગાબાદમાં 16 મજૂરોના ટ્રેન નીચે કચડાઈ જવાથી મોત થયા છે.

- મહારાષ્ટ્રના ઔરંગાબાદ જિલ્લાના કરમાડ પાસે આ દુર્ઘટના સર્જાઈ હતી.
- જેમાં મહારાષ્ટ્રના જાલનાની આયર્ન ફેક્ટરીમાં કામ કરી રહેલા 20 જેટલા મજૂરો મધ્યપ્રદેશ જવા માટે રેલવે ટ્રેક પર ચાલતા જતા હતા.
- ત્યારે લોકડાઉનના સમયમાં પાટા પર ટ્રેન ક્યાં આવવાની છે એવું વિચારીને રાત્રીના સમયે રેલવે ટ્રેક પર જ તેઓ સૂઈ ગયા હતા.
- એ સમયે વહેલી સવારે ત્યાંથી માલગાડી પસાર થતાં આ કરુણાંતિકા સર્જાઈ હતી.

**નોંધ :** મહારાષ્ટ્રના મુખ્યમંત્રી શ્રી ઉદ્ધવ ઠાકરે અને મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણે મૃતકોના પરિવારોને રૂપિયા 5-5 લાખની સહાયની જાહેરાત કરી છે.

## ➤ RBIના Central Board of Directorsમાં ડિરેક્ટર તરીકે શ્રી તરુણ બજાજની નિમણૂક



ભારતમાં રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (RBI)ના સેન્ટ્રલ બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં ડિરેક્ટર તરીકે શ્રી તરુણ બજાજની નિમણૂક કરવામાં આવી છે.

- RBIના સેન્ટ્રલ બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં ડિરેક્ટર તરીકે શ્રી તરુણ બજાજ 30 એપ્રિલ 2020ના રોજ નિવૃત્ત થયેલા શ્રી અતનુ ચતુર્વેદીનું સ્થાન લેશે.
- શ્રી તરુણ બજાજ 1988ની બેચના હરિયાણા કેડરના IAS ઓફિસર છે.
- તેઓ હાલ કેન્દ્ર સરકારમાં આર્થિક બાબતોના સચિવ તરીકે ફરજ બજાવી રહયા છે.
- હવે તેમની નિમણૂક RBIના સેન્ટ્રલ બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં ડિરેક્ટર તરીકે કરવામાં આવી છે.

## ➤ ઈરાન સરકાર 'તોમાન' (Toman) નામની નવી કરન્સી ચલણમાં મૂકશે

ઈરાન સરકાર દ્વારા ઈરાનમાં 'તોમાન' નામની નવી કરન્સી ચલણમાં મૂકવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

### આ નિર્ણયનું કારણ ?

તાજેતરમાં અમેરિકા દ્વારા ઈરાન પર અનેક પ્રતિબંધો લાદવામાં આવ્યા હતા.

- અમેરિકા દ્વારા લાદવામાં આવેલા આ આર્થિક પ્રતિબંધોને કારણે ઈરાનના ચલણ 'રિયાલ' (Rial)ની કિંમતમાં ખૂબ જ મોટો ઘટાડો થયો હતો.
- ઈરાનના ચલણની કિંમતમાં થયેલા આ ઘટાડાને કારણે ઈરાનમાં ફૂગાવા તથા મોંઘવારીનો દર ખૂબ જ વધી ગયો છે.
- આથી, ઈરાનમાંથી ફૂગાવા તથા મોંઘવારીનો દર ઓછો કરવા માટે આ નિર્ણય કરવામાં આવ્યો છે.

### Toman

ઈરાનની નવી કરન્સી 'તોમાન'નું મૂલ્ય 10,000 'રિયાલ' જેટલું છે.

- એટલે કે 10,000 રિયાલ = 1 તોમાન થાય છે.
- ઈરાનના ચલણ રિયાલમાંથી ચાર સ્લેબ અથવા તો ચાર શૂન્ય ઓછા કરીને આ નવા ચલણનું સર્જન કરવામાં આવ્યું છે. એટલે કે 10,000 રિયાલમાંથી 1 તોમાનનું સર્જન કરવામાં આવ્યું છે.

**નોંધ :** તાજેતરમાં અમેરિકા દ્વારા ઈરાન પર લાદવામાં આવેલા પ્રતિબંધો બાદ ઈરાનના ચલણ 'રિયાલ'ના મૂલ્યમાં અમેરિકન ડોલરની તુલનાએ લગભગ 600 ટકા જેટલો ઘટાડો થયો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ICE Questions

1. 8 મે 2020ના રોજ ભારતના કયા રાજ્યમાં 16 મજૂરોના ટ્રેન નીચે કચડાઈ જવાથી મોત થયા હતા ?
(A) મધ્યપ્રદેશ (B) મહારાષ્ટ્ર (C) ઉત્તરપ્રદેશ (D) બિહાર **(B)**

2. 8 મે 2020ના રોજ ભારતમાં મહારાષ્ટ્રના કયા જિલ્લામાં 16 મજૂરોનું ટ્રેન અકસ્માતમાં મોત થયું હતું ?
(A) અમરાવતી (B) ઓસ્માનાબાદ (C) સિંધુદુર્ગ (D) ઔરંગાબાદ **(D)**

3. RBIના સેન્ટ્રલ બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં ડિરેક્ટર તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ?
(A) શ્રી તપન ચૌધરી (B) શ્રી મનોજ અગ્રવાલ
(C) શ્રી તરુણ બજાજ (D) શ્રી સુરેશ પટેલ **(C)**

**4.** RBIના સેન્ટ્રલ બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં ડિરેક્ટર પદે શ્રી તરુણ બજાજની કોના સ્થાને નિમણૂક કરવામાં આવી છે ?

(A) શ્રી અનુજ ગુપ્તા (B) શ્રી અનુ ત્રિવેદી
(C) શ્રી અતનુ ચતુર્વેદી (D) શ્રી અનંત દ્વિવેદી **(C)**

**5.** તાજેતરમાં મે 2020 દરમિયાન કયા દેશે નવું ચલણ અમલમાં મૂકવાનો નિર્ણય કર્યો છે ?

(A) ઈરાન (B) ઈરાક (C) સીરિયા (D) કુવૈત **(A)**

**6.** ઈરાન દ્વારા કઈ નવી કરન્સી ચલણમાં મૂકવાનો નિર્ણય કરવામાં આવ્યો છે ?

(A) તોમાર (B) તોમાન (C) તોલાન (D) તોરાન **(B)**

**7.** ઈરાન દ્વારા તાજેતરમાં 'તોમાન' નામની નવી કરન્સી ચલણમાં મૂકવાનો નિર્ણય કરવામાં આવ્યો છે...આ એક 'તોમાન'ની કિંમત કેટલા 'રિયાલ' બરાબર છે ?

(A) 100 (B) 1000 (C) 10,000 (D) 1,00,000 **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®



# ONE LINER

CURRENT AFFAIRS

## ગુજરાત

### ➤ ગુજરાતમાં સરકારી વીજ કંપનીઓના વીજગ્રાહકો માટે ફ્યુઅલ સરચાર્જમાં 16 પૈસાનો ઘટાડો

ગુજરાત સરકારે ગુજરાતની સરકારી વીજ કંપનીઓના વીજગ્રાહકોના વીજ બિલમાં વસૂલવામાં આવતા ફ્યુઅલ સરચાર્જમાં 16 પૈસાનો ઘટાડો કર્યો છે. આ ઘટાડો એપ્રિલ 2020થી જૂન 2020 સુધીના ત્રણ મહિના માટે અમલમાં રહેશે. આ સમય દરમિયાન યુનિટ દીઠ રૂ. 2.06ની જગ્યાએ રૂ. 1.90 ફ્યુઅલ સરચાર્જ વસૂલવામાં આવશે. સરકારના આ નિર્ણયથી ગુજરાતના 1.30 કરોડ વીજગ્રાહકોને રૂ. 310 કરોડની રાહત થશે.

## ભારત

### ➤ દારૂ પર 'કોરોના ટેક્સ' લાદનાર દિલ્હી ભારતનું પ્રથમ રાજ્ય અથવા તો કેન્દ્ર શાસિત પ્રદેશ બન્યું

4 મે, 2020ના રોજ દિલ્હી સરકારે દારૂ પર 70 ટકા 'કોરોના સ્પેશિયલ ટેક્સ' લાદ્યો છે. આ સાથે જ દિલ્હી દારૂ પર 'કોરોના ટેક્સ' લાદનાર ભારતનું પ્રથમ રાજ્ય અથવા તો કેન્દ્ર શાસિત પ્રદેશ બની ગયું છે. કોરોના મહામારી દરમિયાન સરકારની આવકમાં જંગી ઘટાડો થયો હતો. આથી, દિલ્હીમાં સરકારની આવકમાં વધારો થાય તે માટે આ નિર્ણય કરવામાં આવ્યો છે.

### ➤ કોરોના મહામારી દરમિયાન લોકોને રાહત આપવા કર્ણાટક સરકાર દ્વારા રૂપિયા 1610 કરોડના રાહત પેકેજની જાહેરાત

કોરોના લોકડાઉન દરમિયાન જરૂરતમંદ લોકોને સહાય આપવા માટે કર્ણાટક સરકારે રૂ. 1610 કરોડના રાહત પેકેજની જાહેરાત કરી છે. આ પેકેજ મુજબ ફૂલોની ખેતી કરતા ખેડૂતોને હેક્ટર દીઠ રૂ. 25,000ની સહાય આપવામાં આવશે. જ્યારે ધોબી, વાણંદ, રિક્ષા ચાલકોને રૂ. 5000 સુધીની સહાય આપવામાં આવશે. બાંધકામ શ્રમિકોને અગાઉ અપાયેલી રૂ. 2000ની સહાય ઉપરાંત વધારાના બીજા રૂ. 3000ની સહાય આપવામાં આવશે. હેન્ડલૂમ કામદારોને રૂ. 2000ની સહાય કરવામાં આવશે.

## ➤ ભારતના હવામાન ખાતાના બુલેટિનમાં POKના ગિલગિટ અને બાલ્ટિસ્તાનનો સમાવેશ

5 મે 2020ના રોજ ભારતના હવામાન ખાતાના બુલેટિનમાં કરવામાં આવેલી આગાહીમાં ગિલગિટ, બાલ્ટિસ્તાન અને મુઝફ્ફરાબાદનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. ભારતના આ તમામ પ્રદેશો પર હાલ પાકિસ્તાનનો કબજો છે. અને તાજેતરમાં પાકિસ્તાનની સુપ્રીમ કોર્ટે ગિલગિટ અને બાલ્ટિસ્તાનમાં ચૂંટણી યોજવાની તરફેણમાં ચુકાદો આપ્યો હતો. આથી, ભારતના હવામાન ખાતાના વેધર બુલેટિનમાં POKના ગિલગિટ, બાલ્ટિસ્તાન અને મુઝફ્ફરાબાદનો સમાવેશ કરીને પાકિસ્તાનને સ્પષ્ટ મેસેજ આપવામાં આવ્યો છે કે આ પ્રદેશો ભારતના હતા, છે અને રહેશે. આ ઉપરાંત ભારતે પાકિસ્તાનને આ પ્રદેશો ખાલી કરવા પણ જણાવ્યું છે.

## ➤ ભારતમાં સંસદની જાહેર હિસાબ સમિતિના અધ્યક્ષ તરીકે શ્રી અધીર રંજન ચૌધરીની નિમણૂક

ભારતમાં સંસદની જાહેર હિસાબ સમિતિ (Public Accounts Committee)ના અધ્યક્ષ તરીકે શ્રી અધીર રંજન ચૌધરીની નિમણૂક કરવામાં આવી છે. શ્રી અધીર રંજન ચૌધરી ભારતની લોકસભામાં કોંગ્રેસ પક્ષના નેતા છે એટલે કે લોકસભામાં વિરોધ પક્ષના નેતા છે. ભારતમાં પરંપરાગત રીતે સંસદની જાહેર હિસાબ સમિતિના અધ્યક્ષ તરીકે લોકસભાના વિપક્ષના નેતાની જ પસંદગી કરવામાં આવે છે. આ સમિતિનો કાર્યકાળ 1 મે 2020થી 30 એપ્રિલ 2021 સુધી 1 વર્ષનો રહેશે.

ICE INSTITUTE FOR COMPETITIVE ®

## ➤ વરિષ્ઠ નાગરિકોની સુરક્ષા માટે નીતિ આયોગ દ્વારા 'સુરક્ષિત દાદા-દાદી અને નાના-નાની અભિયાન' લોન્ચ

5 મે 2020ના રોજ ભારતમાં નીતિ આયોગ દ્વારા 'સુરક્ષિત દાદા-દાદી અને નાના-નાની અભિયાન' લોન્ચ કરવામાં આવ્યું છે. COVID-19 મહામારી દરમિયાન ભારતમાં વરિષ્ઠ નાગરિકોની સુરક્ષા માટે નીતિ આયોગ દ્વારા 'પીરામલ ફાઉન્ડેશન' સાથે મળીને આ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આ અંતર્ગત આસામ, બિહાર, ઝારખંડ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને ઉત્તરપ્રદેશના 25 આકાંક્ષી જિલ્લામાંઓમાં આ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## ICE Questions

- ગુજરાત સરકારે ગુજરાતમાં સરકારી વીજ કંપનીઓના ફ્યુઅલ સરચાર્જમાં કેટલા પૈસાનો ઘટાડો કર્યો છે ? – 16 પૈસા
- ગુજરાત સરકારે ગુજરાતમાં સરકારી વીજ કંપનીઓના ફ્યુઅલ સરચાર્જમાં કેટલા સમય માટે 16 પૈસાનો ઘટાડો કર્યો છે ? – ત્રણ મહિના
- દારૂ પર 'કોરોના સ્પેશિયલ ટેક્સ' લાદનાર ભારતનું પ્રથમ રાજ્ય અથવા તો કેન્દ્ર શાસિત પ્રદેશ કયો છે ? – દિલ્હી
- દિલ્હીમાં દારૂ પર કેટલા ટકા 'કોરોના સ્પેશિયલ ટેક્સ' લાદવામાં આવ્યો છે ? – 70 ટકા
- કોરોના મહામારી દરમિયાન લોકોને રાહત આપવા ભારતના કયા રાજ્યની સરકારે ફૂલોની ખેતી કરતા ખેડૂતોને હેક્ટર દીઠ રૂ. 25,000ની સહાય આપવાની જાહેરાત કરી છે ? – કર્ણાટક
- કોરોના લોકડાઉન દરમિયાન લોકોને રાહત આપવા માટે ભારતના કયા રાજ્યની સરકારે ધોબી, વાણંદ, રિક્ષા ચાલકોને રૂ. 5000ની સહાય આપવાની જાહેરાત કરી છે ? – કર્ણાટક
- ભારતના હવામાન ખાતાના બુલેટિનમાં POKના કયા પ્રદેશોનો સમાવેશ કરવામાં આવ્યો છે ? – ગિલગિટ, બાલ્ટિસ્તાન અને મુઝફ્ફરાબાદ
- ભારતમાં સંસદની જાહેર હિસાબ સમિતિ (Public Accounts Committee)ના અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી અધીર રંજન ચૌધરી
- COVID-19 મહામારી દરમિયાન ભારતમાં વરિષ્ઠ નાગરિકોની સુરક્ષા માટે ભારત સરકારના કયા વિભાગ દ્વારા 'સુરક્ષિત દાદા–દાદી અને નાના–નાની અભિયાન' શરૂ કરવામાં આવ્યું છે ? – નીતિ આયોગ
- ભારતમાં COVID-19 મહામારી દરમિયાન વરિષ્ઠ નાગરિકોની સુરક્ષા માટે નીતિ આયોગ દ્વારા 25 આકાંક્ષી જિલ્લાઓમાં કયું અભિયાન શરૂ કરવામાં આવ્યું છે ? – સુરક્ષિત દાદા–દાદી અને નાના–નાની અભિયાન

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

# QUICK CURRENT
## QUESTIONS OF THIS WEEK

1. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 'વિશ્વ ટૂના દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ? – 2 મે
(‘ટૂના’ નામની માછલીની જાતોના સંરક્ષણ માટે જાગૃતિ ફેલાવવા વર્ષ 2017થી આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. ‘ટૂના’ તથા ‘ટૂના’ જેવી જાતોની માછલી આર્થિક દષ્ટિએ ખૂબ જ મહત્ત્વની છે.)

2. મે 2020 દરમિયાન ગુજરાત સરકારે સરકારી કર્મચારીઓને કઈ મોબાઈલ એપ ફરજિયાત ડાઉનલોડ કરવાની સૂચના આપી છે ? – આરોગ્ય સેતુ

3. ભારતના કયા રાજ્યમાં આવેલી CKP નામની સહકારી બેન્કનું લાઈસન્સ RBI દ્વારા રદ કરવામાં આવ્યું છે ? – મહારાષ્ટ્ર
(મહારાષ્ટ્રના મુંબઈ અને થાણે જિલ્લામાં કાર્યરત આ બેન્કને મોટું નુકશાન થતાં RBI એ વર્ષ 2014માં આ બેન્કની લેવડ દેવડ પર પ્રતિબંધ મૂકી દીધો હતો. અને હવે તેનું લાઈસન્સ રદ કર્યું છે. આ બેન્કમાં રોકાણકારોના રૂ. 485 કરોડ ફસાઈ ગયા છે.)

4. ઈરાનનું સમર્થન કરી રહેલા હિઝબુલ્લાહ ગ્રુપ પર પ્રતિબંધ મૂકીને કયા દેશે તેને આતંકવાદી સંગઠન જાહેર કર્યું છે ? – જર્મની
(હિઝબુલ્લાહ એ લેબેનોનનું ઉગ્રવાદી જૂથ છે. જે સીરિયા અને ઈરાનનું પણ સમર્થન ધરાવે છે.)

5. તાજેતરમાં ચર્ચામાં રહેલ બન્નેરઘટ્ટા જૈવિક ઉદ્યાન (Bannerghatta Biological Park) ભારતના કયા રાજ્યમાં આવેલો છે ? – કર્ણાટક
(કર્ણાટકના બેંગાલુરુમાં આવેલા આ પાર્કની સ્થાપના 1972માં થઈ હતી. અને 1974માં તેને રાષ્ટ્રીય ઉદ્યાન જાહેર કરવામાં આવ્યું હતું. આ પાર્કમાં તાજેતરમાં પ્રાણીઓને દત્તક લેવા માટે 'Animal Adoption Programme' લોન્ચ કરવામાં આવ્યો છે. આથી, તે હાલ ચર્ચામાં છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

6. તાજેતરમાં ચર્ચામાં રહેલ સરિસ્કા ટાઈગર રિઝર્વ ભારતના કયા રાજ્યમાં આવેલું છે ?

– રાજસ્થાન

(રાજસ્થાનની અરવલ્લીની પર્વતમાળામાં આવેલું આ ટાઈગર રિઝર્વ ભારતનું પ્રથમ એવું ટાઈગર રિઝર્વ છે કે જ્યાં રોયલ બંગાળ ટાઈગરનો સફળતાપૂર્વક વસવાટ કરાવવામાં આવ્યો છે. તાજેતરમાં 1 મે 2020ના રોજ ભારતમાં કેન્દ્ર સરકારના પર્યટન મંત્રાલય દ્વારા 'દેખો અપના દેશ' સીરિઝ અંતર્ગત 'Destination-Sariska Tigar Reserve' શીર્ષકથી 13મી વેબિનાર શ્રેણીનું આયોજન કરવામાં આવ્યું હતું. આથી, તે હાલ ચર્ચામાં છે.)

7. COVID-19 મહામારી દરમિયાન કોઈ શંકાસ્પદ વ્યક્તિ રાતના સમયે ગામમાં ન પ્રવેશે તે માટે ભારતના કયા રાજ્યમાં 'ઠીકરી પહેરા' (Thikari Pehra) પદ્ધતિ અપનાવવામાં આવી છે ? – પંજાબ અને હરિયાણા

(આ પહેરા પદ્ધતિમાં ગામના એક અથવા તો એકથી વધારે વ્યક્તિ રાતના સમયે ગામની ચોકીદારી કરે છે.)

8. તાજેતરમાં શ્રી કે. એસ. નિસાર અહેમદનું નિધન થયું છે તેઓ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા ?

– સાહિત્ય

9. પદ્મ શ્રી વિજેતા પ્રસિદ્ધ સાહિત્યકાર શ્રી કે. એસ. નિસાર અહેમદનું નિધન થયું છે...તેઓ કઈ ભાષાના પ્રસિદ્ધ કવિ હતા ? – કન્નડ

10. પદ્મ શ્રી વિજેતા પ્રસિદ્ધ કવિ અને પ્રોફેસર શ્રી કે. એસ. નિસાર અહેમદનું તાજેતરમાં નિધન થયું છે...તેમનો જન્મ ક્યાં થયો હતો ? – કર્ણાટક

11. COVID-19 મહામારી દરમિયાન લોકોને સહાય કરવા ભારતના કયા રાજ્યની સરકારે શહેરના લોકોને 'મુખ્યમંત્રી શહેરી રોજગાર ગેરંટી યોજના' અંતર્ગત 120 દિવસની રોજગારી આપવાનો નિર્ણય કર્યો છે ? – હિમાચલ પ્રદેશ

12. 2 મે 2020ના રોજ ભારતના કયા પ્રસિદ્ધ ફિલ્મ નિર્માતાની જન્મ શતાબ્દીની ઉજવણી કરવામાં આવી છે ? – શ્રી સત્યજીત રે

13. 2 મે 2020ના રોજ ભારતના પ્રસિદ્ધ ફિલ્મ નિર્માતા શ્રી સત્યજીત રેની જન્મ શતાબ્દીની ઉજવણી કરવામાં આવી છે...તેમનો જન્મ ક્યાં થયો હતો ? – કોલકાતા

(2 મે, 1921ના રોજ પશ્ચિમ બંગાળના કોલકાતામાં જન્મેલા શ્રી સત્યજીત રેને પદ્મ શ્રી, પદ્મ ભૂષણ અને પદ્મ વિભૂષણ ઉપરાંત 1992માં ભારત રત્ન પુરસ્કાર પણ એનાયત થયો હતો.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

14. કોરોના મહામારી સામે ઝઝૂમી રહેલા ભારતના લાખો ડોકટર, નર્સ, પેરા મેડિકલ સ્ટાફ, પોલીસ કર્મીઓ તથા સફાઈ કામદારો સહિતના કોરોના વોરિયર્સને ભારતીય સેનાની ત્રણેય પાંખ દ્વારા કયા દિવસે અદ્દભૂત અને અવિશ્વસનીય સલામી આપવામાં આવી હતી ?

– 3 મે, 2020

15. તાજેતરમાં કયા દેશમાં વિક્રમ સર્જક ફૂટબોલની સાઈઝના કરાનો વરસાદ થતાં સંશોધકો પણ આશ્ચર્યમાં મુકાઈ ગયા હતા ? – આર્જેન્ટિના

(7.4થી 9.3 ઈંચના આ કરાને સંશોધકોએ 'ગરગાનતુઆન' નામ આપ્યું છે.)

16. ભારતમાં આધાર અપડેટ માટે UIDAI દ્વારા તાજેતરમાં કોને મંજૂરી આપવામાં આવી છે ?

– કોમન સર્વિસ સેન્ટરોને

(આથી, હવે ભારતમાં આવેલા 20,000 જેટલા કોમન સર્વિસ સેન્ટરો પરથી આધાર કાર્ડમાં નામ, એડ્રેસ, જન્મતારીખ વગેરે જેવા સુધારા થઈ શકશે.)

17. UIDAIનું પૂરું નામ શું છે ? – Unique Indentification Authority of India

18. સુપ્રીમ કોર્ટે આપેલા એક ચુકાદા અનુસાર ભારતમાં કઈ યુનિવર્સિટીમાં થતા ભ્રષ્ટાચારની સુનાવણી પણ 'ભ્રષ્ટાચાર નિયંત્રણ અધિનિયમ, 1988' અંતર્ગત કરી શકાય છે ?

– ડિમ્ડ યુનિવર્સિટી

19. તાજેતરમાં યોજાયેલ પ્રથમ Virtual 'પીટર્સબર્ગ Climate Dialogue'માં ભારતનું પ્રતિનિધિત્વ કોણે કર્યું હતું ?

– શ્રી પ્રકાશ જાવડેકર (કેન્દ્રીય વન, પર્યાવરણ અને હવામાન પરિવર્તન મંત્રી)

20. યુનેસ્કો દ્વારા વર્ષ 2020ના ગિલર્મો કૈનો વર્લ્ડ પ્રેસ ફ્રીડમ એવોર્ડ માટે કોની પસંદગી કરવામાં આવી છે ? – શ્રી જિનેથ બેદોયા લીમા (કોલંબિયાના પ્રસિદ્ધ પત્રકાર)

(કોલંબિયાના પત્રકાર શ્રી ગિલર્મો કૈનો ઈસ્જાની યાદમાં યુનેસ્કો દ્વારા 1997થી આ પુરસ્કારનો પ્રારંભ કરવામાં આવ્યો છે. દર વર્ષે 3 મેને 'વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ'ના રોજ આ પુરસ્કાર એનાયત થાય છે. પ્રેસની સ્વતંત્રતામાં ઉત્કૃષ્ટ યોગદાન માટે આ પુરસ્કાર અંતર્ગત 45,000 ડોલર પુરસ્કાર રૂપે આપવામાં આવે છે.)

21. ભારત સરકારના કયા વિભાગ દ્વારા બંગાળની ખાડી તથા હિંદ મહાસાગરમાં હવે પછી ઉદ્દભવનાર ઉષ્ણકટિબંધીય ચક્રવાતોના 169 નામોની યાદી જાહેર કરવામાં આવી છે ?

– ભારતીય હવામાન વિભાગ (India Meteorological Department -IMD)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

22. ભારતીય હવામાન વિભાગ (IMD) દ્વારા બાંગળની ખાડી તથા હિંદ મહાસાગરમાં હવે પછી ઉદ્દભવનાર કયા સંભવિત ચક્રવાતોના 169 નામોની યાદી જાહેર કરવામાં આવી છે ?

–ઉષ્ણકટિબંધીય (Tropical) ચક્રવાતોની

23. COVID-19 સામેની લડતમાં આરોગ્ય કર્મીઓને ઉપયોગી થાય તે માટે CSIRની દુર્ગાપુર ખાતે આવેલી લેબોરેટરી દ્વારા વિકસાવવામાં આવેલા રોબોટને શું નામ આપવામાં આવ્યું છે ?

– HCARD

(HCARDનું પૂરું નામ Hospital Care Assistive Robotic Device છે. આ રોબોટ સંક્રમિત દર્દીથી શારીરિક અંતર જાળવી રાખવામાં આરોગ્ય કર્મીની મદદ કરે છે.)

24. વર્ષ 2021માં યોજાનાર કોમનવેલ્થ યુથ ગેમ્સ કયાં સુધી સ્થગિત કરવામાં આવી છે ?

– 2023 સુધી

(વર્ષ 2020માં યોજાનાર ટોકિયો ઓલિમ્પિક હવે વર્ષ 2021માં યોજાવાની હોવાથી ત્રિનિદાદ અને ટોબેગોમાં ઓગસ્ટ 2021 દરમિયાન યોજાનાર કોમનવેલ્થ યુથ ગેમ્સ 2023 સુધી સ્થગિત કરવામાં આવી છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

25. 5 મે 2020ના રોજ ભારતમાં કેન્દ્ર સરકારે પેટ્રોલ પરની એકસાઈઝ ડ્યુટી અને રોડ સેસમાં પ્રતિ લિટર કેટલા રૂપિયાનો વધારો કર્યો છે ? – 2 + 8 = કુલ 10 રૂપિયાનો

(પેટ્રોલ પરની એકસાઈઝ ડ્યુટીમાં પ્રતિ લિટર 2 રૂપિયાનો અને પેટ્રોલ પરના રોડ સેસમાં પ્રતિ લિટર 8 રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. આથી, આ કુલ 10 રૂપિયાના વધારા સાથે ભારતમાં પેટ્રોલ પરનો કુલ ટેકસ 32.98 રૂપિયા થઈ ગયો છે.)

26. 5 મે, 2020ના રોજ ભારતમાં કેન્દ્ર સરકારે ડિઝલ પરની એકસાઈઝ ડ્યુટી અને રોડ સેસમાં પ્રતિ લિટર કેટલા રૂપિયાનો વધારો કર્યો છે ? – 5 + 8 = કુલ 13 રૂપિયા

(ડિઝલ પરની એકસાઈઝ ડ્યુટીમાં પ્રતિ લિટર 5 રૂપિયાનો અને ડિઝલ પરના રોડ સેસમાં પ્રતિ લિટર 8 રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. આથી, આ કુલ 13 રૂપિયાના વધારા સાથે ભારતમાં ડિઝલ પરનો કુલ ટેકસ 31.88 રૂપિયા થઈ ગયો છે.)

27. 5 મે, 2020ના રોજ અમદાવાદના મ્યુનિસિપલ કમિશનર શ્રી વિજય નેહરા 14 દિવસ માટે હોમ ક્વોરનટાઈન થતાં અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર તરીકેનો ચાર્જ કોને સોંપવામાં આવ્યો છે ? – શ્રી મુકેશ કુમાર (ગુજરાત મેરિટાઈમ બોર્ડના વાઈસ ચેરમેન અને CEO))

28. ભારતમાં DRDOની પૂણે ખાતે આવેલી Defence Institute of Advanced Technology દ્વારા વસ્તુની સપાટી પરથી કોરોના વાઈરસને નાબૂદ કરવા માટે વિકસાવવામાં આવેલા 'માઈક્રોવેવ સ્ટ્રેલાઈઝર'ને શું નામ આપવામાં આવ્યું છે ?

– અતુલ્ય (ATULYA)

29. વર્ષ 2020ના અંત સુધીમાં કયા દેશે આર્કટિક આબોહવા અને પર્યાવરણની દેખરેખ માટેનો પોતાનો પ્રથમ ઉપગ્રહ 'આર્કટિકા-M' લોન્ચ કરવાની જાહેરાત કરી છે ? – રશિયા

30. 7 મે 2020ના રોજ આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમમાં સર્જાયેલી ગેસ દુર્ઘટનાને કારણે NGTએ LG પોલિમર્સને કેટલા રૂપિયાનો દંડ ફટકાર્યો છે ? – રૂ. 50 કરોડ

31. 7 મે 2020ના રોજ આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમાં સર્જાયેલી ગેસ દુર્ઘટનાને કારણે ભારતની કઈ સંસ્થાએ LG પોલિમર્સને રૂ. 50 કરોડનો દંડ ફટકાર્યો છે ?

– નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (NGT)

32. દર વર્ષે 'વિશ્વ થેલેસેમિયા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ? – 8 મે

33. કોરોના મહામારીને કારણે બંધ થયેલી રાજ્યની ઉદ્યોગ પ્રવૃત્તિઓને ફરીથી વેગ આપવા માટે ભારતના કયા રાજ્યની સરકારે આગામી ત્રણ વર્ષ સુધી તમામ વ્યવસાય અને ઉદ્યોગો માટે લેબર એકટમાં છૂટ આપતા વટહુકમને મંજૂરી આપી છે ? – ઉત્તરપ્રદેશ

34. ભારતના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલા આંકડા અનુસાર માર્ચ 2020માં ભારતીય અર્થવ્યવસ્થાના આઠ મુખ્ય ક્ષેત્રોમાં ઉત્પાદનમાં કેટલા ટકાનો ઘટાડો થયો છે ? – 6.5%

(ભારતીય અર્થવ્યવસ્થાના 8 કોર સેકટર અથવા તો 8 મુખ્ય ક્ષેત્રોમાં વીજળી, સિમેન્ટ, સ્ટીલ, કુદરતી ગેસ, ખાતર, ક્રૂડ ઓઈલ અને રિફાઈનરી તેમજ પેટ્રોલિયમ ઉત્પાદનનો સમાવેશ થાય છે. માર્ચ 2020 દરમિયાન ભારતમાં આ આઠ ક્ષેત્રોમાં ઉત્પાદનમાં ઘટાડો થયો છે. જ્યારે કોલસાના ઉત્પાદનમાં વધારો થયો છે.)

35. કોલેજના અંતિમ વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સ્માર્ટ ફોન ખરીદવા માટે રૂ. 5000ની સહાય આપવા માટે ભારતના કયા રાજ્યમાં 'મુખ્યમંત્રી યુવા યોગાયોગ યોજના' શરૂ કરવામાં આવી છે ? – ત્રિપુરા

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

36. ઈન્ટરનેશનલ એસોસિયેશન ઓફ એથ્લેટિક્સ ફેડરેશન (IAAF) દ્વારા દર વર્ષે કયા મહિનામાં 'વિશ્વ એથ્લેટિક્સ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ? – મે મહિનામાં
(આ અંતર્ગત વર્ષ 2020 દરમિયાન IAAF દ્વારા 7 મેના રોજ 'વિશ્વ એથ્લેટિક્સ દિવસ'ની ઉજવણી કરવામાં આવી છે.)

37. સંયુક્ત રાષ્ટ્ર પર્યાવરણ કાર્યક્રમના ભારતના ગુડવિલ એમ્બેસેડર કોણ છે ? – સુશ્રી દીયા મિર્ઝા

38. સંયુક્ત રાષ્ટ્ર પર્યાવરણ કાર્યક્રમ (United Nations Environment Programme -UNEP)ના ભારતના ગુડવિલ એમ્બેસેડર તરીકે સુશ્રી દીયા મિર્ઝાનો કાર્યકાળ કયાં સુધી વધારવામાં આવ્યો છે ? – 2022

39. COVID-19 મહામારી દરમિયાન અન્ય રાજ્યોમાંથી પોતાના રાજ્યમાં પરત આવનાર પરિવારોના સભ્યોમાં સોશિયલ ડિસ્ટન્સ અંગે જાગૃતિ લાવવા માટે ભારતના કયા રાજ્યમાં 'નિગાહ' નામની એક પહેલ શરૂ કરવામાં આવી છે ? – હિમાચલ પ્રદેશ

40. મે 2020 દરમિયાન યોજાયેલી NAM અથવા તો ગુટ નિરપેક્ષ આંદોલનના શિખર સંમેલનની થીમ શું હતી ? – United Against COVID-19

41. ભારતમાં MSME ઉદ્યોગોને સહાયતા માટે કઈ સંસ્થા દ્વારા 'India SME Services Platform' નામનું એક ડિજિટલ પ્લેટફોર્મ લોન્ચ કરવામાં આવ્યું છે ? – SIDBI

42. SIDBIનું પૂરું નામ શું છે ? – Small Industries Development Bank of India

43. મે 2020 સુધીમાં ભારતના કેટલા રાજ્યોને 'વન નેશન વન રેશન કાર્ડ' યોજના સાથે જોડવામાં આવ્યા છે ? – 17

44. તાજેતરમાં 'આંતરરાષ્ટ્રીય ખગોળ દિવસ' તરીકે કયો દિવસ ઉજવવામાં આવ્યો છે ? – 2 મે
('આંતરરાષ્ટ્રીય ખગોળ દિવસ' વર્ષમાં બે વખત વસંત ઋતુમાં અને શરદ ઋતુમાં ઉજવાય છે. આ અંતર્ગત વર્ષ 2020માં 2 મે, 2020 અને 26 સપ્ટેમ્બર 2020ના રોજ આ દિવસની ઉજવણી કરવામાં આવશે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM

t.me/icerajkotofficial

YouTube

ICE RAJKOT

Instagram

ICE RAJKOT

Facebook

*like* | *comment* | *share*

ICE RAJKOT

twitter

ICE RAJKOT